

મોટો ભગવાન અંદરમાં પડ્યો છે—ઈ મને દુઃખનો નાશ કરવાના સમયે શરણરૂપ છે...દૃષ્ટિને સંકેલીને અંદરમાં મૂકવાની છે.

—સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૮ □ (૫૨૯) ❋ આત્મધર્મ ❋ (અંક-૫ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૩ નવેમ્બર, ૧૯૮૭

## 卐 ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વ 卐

એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચો હોય. તે ચૈતન્ય તો તારી પાસે જ છે, તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ? જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ. તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે. તો પછી તને ડર શાનો? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે. ૩૯૨.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

**'એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.'**

એક ચૈતન્યતત્ત્વ જ—ચૈતન્યવસ્તુ, ચૈતન્યસત્ત્વ એ જ—ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે. પહેલાં ૩૭૯મા બોલમાં 'જગતમાં સર્વોત્કૃષ્ટ ચીજ તારો આત્મા જ છે. તેમાં ચૈતન્યરસ અને આનંદ ભરેલા છે. તે ગુણમણિઓનો ભંડાર છે. આવા દિવ્યસ્વરૂપ આત્માની દિવ્યતાને તું ઓળખતો નથી....'—એમ આવી ગયું છે. હવે અહીં બીજી વાત કરે છે: એક ચૈતન્યતત્ત્વ જ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી છે.

**'વિશ્વમાં કોઈ એવી વિભૂતિ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય.'**

વિશ્વમાં—અનંત અનંત પદાર્થોથી વિશ્વ ભરેલું છે તેમાં—કોઈ એવી વિભૂતિ—ચીજ નથી કે જે ચૈતન્યતત્ત્વથી ઊંચી હોય—મહાન હોય. ચક્રવર્તીનું રાજ કે ઇંદ્રનાં ઇંદ્રાસનો—એ કંઈ ચૈતન્યથી વિશેષ નથી. એ તો બહારની ધૂળ છે.

**'તે ચૈતન્ય તો તારી પાસે જ છે, તું જ તે છો. તો પછી શરીર ઉપર ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?'**

મુંબઈમાં હમણાં કમળાનો રોગ છે. લીવરમાં કાંઈક થાય છે ને બે-ચાર દીમાં ફટાક દેહ છોડીને જીવ ચાલ્યો જાય છે. આત્મા રોગ અને રાગથી સદા રહિત છે. તે એક સેકંડમાં રાગથી છૂટીને અંદરમાં જઈ શકે છે. અહા! એ નીરોગી વસ્તુ! ભગવાન!

[ અનુસંધાન પાનુ–૨૭ ઉપર ]

કહાન
સંવત-૭
વર્ષ-૪૪
અંક-૫
[ ૫૨૯ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1987
NOV.
સં. ૨૦૪૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પૂર્વ મહાપુરુષોનો પ્રશ્ન

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં ૮ )

શ્રી પરમાત્મપ્રકાશની પ્રથમ અધિકારની આ ૧૦ મી ગાથા ચાલે છે. શિષ્ય પ્રભાકર ભટ્ટ પોતાનો પરમાત્મસ્વભાવ સમજવાની અભિલાષાવાળો પ્રશ્ન કરે છે.

અનાદિથી અજ્ઞાની જીવ પોતાના પરમાત્મસ્વભાવના અલાભને કારણે સંસારમાં ભટકી રહ્યો છે. તેને બીજી બાહ્ય સામગ્રી અને પુણ્ય-પાપભાવની સામગ્રી તો અનંતવાર મળી પણ એક નિજ આત્મા જે કેવળજ્ઞાનનો કંદ છે તેનો અલાભ રહ્યો છે તેથી શિષ્ય કહે છે પ્રભુ! મને અનાદિથી પરમાત્મસ્વભાવનો અલાભ છે, તેથી હું દુઃખી છું, માટે મને મારો પરમાત્મસ્વભાવ સમજાવો.

જુઓ! આ જિજ્ઞાસુની ધગશ! પહેલાં જ પ્રશ્નમાં શિષ્ય આવો ભાવ રજૂ કરે છે. પોતાનો સ્વભાવ પરમાત્મસ્વરૂપ છે, એમ વિશ્વાસ કરીને પછી શિષ્ય પ્રશ્ન કરે છે કે તે સ્વભાવ મને સમજાવો કે જેના અલાભમાં-જેના વિરહમાં હું અનાદિકાળથી ભટકી રહ્યો છું. ચોરાશીના અવતારમાં હું અનંતકાળથી પિલાણો અને દુઃખી થયો. સ્વભાવભાવના વિરહમાં થતાં આસ્રવભાવના ફળમાં તો આ બધાં સંયોગો મળે છે જે મને દુઃખરૂપ છે. એવી દુઃખરૂપ દશાથી છૂટવાનો ઉપાય મને બતાવો.

જુઓ! આ શિષ્યના પ્રશ્નમાં પરમાત્મસ્વભાવની ધગશ રહેલી છે. પરમાત્મા એટલે કોણ? કે જેને જોવાથી આનંદ થાય, જેને મળવાથી શાંતિ અને સુખ થાય અને જેને

ભેટવાથી પરમાત્માના ભેટા થાય એવો આ પરમાત્મસ્વભાવ છે. તે કેવો છે એ વાત પ્રભાકર ભટ્ટ સાંભળવા માગે છે.

શિષ્યને ખબર છે કે ચારગતિમાં પોતે કેવો દુઃખી થયો છે. જેમ ધગધગતાં તાવડામાં કીડી પડે અને કેવી તરફડીને શેકાય જાય તેમ આ દરેક જીવ ચારગતિના દુઃખમાં તપ્તાયમાન થઈ દુઃખી દુઃખી થઈ રહ્યો છે. શુભ–અશુભભાવની આકુળતામાં અજ્ઞાની જીવ બળી–જળી રહ્યો છે. આ બધી આકુળતાનો નાશ કરનાર આનંદકંદ પરમાત્મસ્વભાવ અજ્ઞાનીની નજરની બહાર રહી ગયો છે.

ચારગતિના દુઃખોનો વિનાશ કરવાવાળો પરમાત્મસ્વભાવ જેની દૃષ્ટિમાં આવી ગયો તે ભલે અનેક વૈભવયુક્ત રાજકુમાર હોય તોપણ વૈરાગ્ય થતાં માતા પાસે રજા માગે છે માતા! મને હવે એક ક્ષણ પણ આ સંસારમાં ગમતું નથી, મને રજા દે અને આજ્ઞા કર કે હું ફરી બીજી માતા ન કરું, ફરી આ કલંકિત શરીર ધારણ ન કરું, આસ્રવ–ભાવની અગ્નિમાં તપ્તાયમાન ન થાઉં.

આ પરમાત્મસ્વભાવ કેવો છે?–કે જ્ઞાનનો રસકંદ છે, આનંદનો એકલો માવો છે, સંસારથી થાકેલાં જીવોનો વિસામો છે. આવો પ્રભુ અમને સંભળાવો એમ અંતરધગશથી શિષ્ય માંગણી કરે છે.

પ્રભુ! આપ મારી ઉપર કૃપા કરીને મને શુભાશુભ વિકલ્પજાળની પાછળ બિરાજમાન પરમાત્મા કે જ્ઞાન જેનું શરીર છે અને આનંદ જેનું રૂપ છે એવો આત્મા મને સંભળાવો મહારાજ! હું જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા સાંભળવા તૈયાર બેઠો છું. મારે બીજું કાંઈ સાંભળવું નથી.

જુઓ! આ સંસારથી ભયભીત થયેલાં અને ચિદાનંદ પરમાત્માને પામવાના કામી જીવોની ભૂમિકા કેવી હોય તેની આ વાત ચાલે છે. શિષ્ય ગુરુને આત્માની વાત સંભળાવો જ એમ નથી કહેતો પણ નમ્રતાથી કહે છે પ્રભુ! આપ મારા ઉપર કૃપા કરી મને આત્માની વાત સંભળાવો.

જેને અંદરથી આનંદની ભૂખ લાગી હોય તેને આકુળતામાં પેટ ન ભરાય–સંતોષ ન થાય. બહારમાં ગમે તેટલાં અનુકૂળ વૈભવો હોય પણ તેના તરફનું લક્ષ એ પણ આકુળતા છે–દુઃખ છે. એ દુઃખનો નાશ કરીને સુખ આપનાર તો એક નિજ પરમાત્મા જ છે.

સાંભળનારને કેટલો વિનય હોય, કેટલી ધગશ હોય તેની ભૂમિકા કેવી હોય એ આ ગાથામાં જોવા મળે છે. વેઠની જેમ સાંભળીને ચાલ્યો જાય તો કાંઈ હિત થાય તેમ નથી. એવું તો અનંતીવાર કર્યું.

મહારાજ! મહેરબાની કરો ને! પ્રસાદી આપો ને! અંતર ચિદાનંદ ભગવાનનો ખજાનો કેવો હોય તે મને કહો ને! આપની કૃપા હોય તો મને આત્માનું વિશેષસ્વરૂપ સમજાવો ને! એમ શિષ્ય વિનયથી ગુરુને પ્રશ્ન કરે છે.

અંતરમાં આખું ચૈતન્યદળ કેવું છે?—પરમાત્મસ્વરૂપ આત્મા કેવો છે એ કૃપા કરીને મને કહો ને! મારે એ જ સાંભળવું છે. મારે સ્વર્ગમાં કેમ જવાય કે પુણ્ય કેમ થાય એ કાંઈ સાંભળવું નથી.

પરમાત્મા કેવો છે?–કે ચિદાનંદ, શુદ્ધ સ્વભાવ પરમાત્મા ચાર સંજ્ઞાથી માંડીને સર્વ વિભાવથી રહિત છે. કેવળજ્ઞાનના કંદ એવા આત્માને આહારની ઇચ્છારૂપ સંજ્ઞા નથી. આત્મા તો સં+જ્ઞ એટલે સમ્યક્જ્ઞાન સ્વરૂપ છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચારેય સંજ્ઞાથી રહિત એવું આત્મસ્વરૂપ શુદ્ધ છે. જે આહાર આદિની ગૃદ્ધિથી રહિત છે એવો આત્મા મારે સાંભળવો છે પ્રભુ! જે નિર્ભય કિલ્લામાં રહેલો છે, જેની પાસે પૂર્ણાનંદનું વજ્ર છે, તેને પછી ભય શેનો હોય? એવો નિર્ભય ચૈતન્યમૂર્તિ આત્મા મારે સાંભળવો છે.

ભગવાન આત્મા સંયોગીચીજની મજાના રાગ વિનાનો મૈથુનસંજ્ઞા રહિત જ્ઞાનબિંબ છે. ઇન્દ્રાણી કે પટરાણીના રાગમાં રોકાઈ જાય એ આત્માની શોભા નથી. ચૈતન્યપ્રભુ એવા રાગ વિનાની વસ્તુ છે. અહા! જેના વખાણ કેવળીની વાણીમાં પણ પૂરા ન આવે એ ચૈતન્ય હીરલો કેવો છે? એ મારે જોવો છે.

ચૈતન્ય હીરલો પરિગ્રહ સંજ્ઞાથી પણ રહિત છે, એટલે ગમે તેવાં મોટા–ઇન્દ્ર, ચક્રવર્તીના વૈભવમાં પણ આ ઠીક છે–એમ કરીને તેમાં રોકાય જાય એવો આત્મા નથી.

ચાર સંજ્ઞા એ તો આકુળતાના–દુઃખરૂપ અગ્નિના ભડકા છે. ભગવાન આત્મા તેનાથી રહિત છે, એવા ભગવાન આત્માનું સ્વરૂપ મારે સમજવું છે.

ભગવાન આત્મા અસંખ્ય પ્રકારના વિભાવભાવોથી રહિત છે તથા વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલાં પરમાનંદ–સુખામૃતથી જેનું હૃદય સંતુષ્ટ થયું છે, એવા નિકટ ભવ્ય જીવોને ચારગતિ ભ્રમણથી છોડવનારો છે. જેમ ભૂખ ખૂબ લાગી હોય અને ઘરમાં પકવાન કે દૂધપાક જેવી ભાવતી વસ્તુ બનતી હોય તો કેવી લગની હોય કે ક્યારે દૂધપાક થાય ને ક્યારે ખાઉં અને પેટ ભરીને સંતુષ્ટ થાઉં? તેમ, જેને ચારગતિના દુઃખનો થાક લાગ્યો હોય અને પરમાનંદનો તરસ્યો હોય એવા નિકટ ભવ્ય જીવોના ચારગતિ ભ્રમણનો નાશ કરે એવું આત્મસ્વરૂપ છે તેને પ્રાપ્ત કરવા માટે જિજ્ઞાસુને કેટલી લગની હોય!

પરમાત્મા જન્મ–જરા–મરણના દુઃખનો નાશક છે. પર્યાયમાં આખો સંસાર ઊભો થયો છે તેનો ઉત્પાદક શુદ્ધ આત્મા નથી, શુદ્ધાત્મા તો તેનો નાશક છે.

જે મહામુનિઓ નિજસ્વરૂપમાં એકાકાર-લીન થાય છે તેને ભગવાન આત્મા નિર્વાણ દેવાવાળો છે. પરમ સમાધિમાં લીન મુનિઓને તત્કાળ કેવળજ્ઞાન અને મુક્તિ પ્રાપ્ત થાય છે.

આમ, સર્વ રીતે આ આત્મા જ ધ્યાવવા યોગ્ય છે. જે ચાર પ્રકારની સંજ્ઞા અને સર્વ વિભાવથી રહિત છે, નિર્વિકલ્પ દૃષ્ટિવંતને જે પરમાનંદ-સુખામૃત અનુભવમાં આવ્યું તેના દ્વારા ચારગતિભ્રમણનો નાશ કરવાવાળો છે અને મહામુનિઓને નિર્વાણ દેનારો છે. એવો આ આત્મા જ સર્વ પ્રકારે ધ્યાન કરવા યોગ્ય છે.

શિષ્ય કહે છે પ્રભુ! આવા આ આત્માનું સ્વરૂપ હું આપની કૃપાથી સાંભળવા માગું છું. વિભાવ રહિત, જન્મ-જરા-મરણનો નાશ કરનાર અને નિર્વાણ આપનાર એવા આત્માનું સ્વરૂપ મારે આપની પાસે સાંભળવું છે.

શિષ્યના પ્રશ્નની એક ગાથામાં પણ મુનિરાજે કેટલું ભર્યું છે!

જેનામાં વિભાવમાત્રની ગંધ નથી, જે જન્મ-મરણનો અભાવ કરવાવાળો છે અને મોક્ષ દેવાવાળો છે, એવો મારો નાથ....સાહેબો....પરમાત્મા....અંતર વસ્તુરૂપ આત્મા કેવો છે, એ મને વારંવાર સંભળાવો એમ શિષ્ય ગુરુને વિનંતી કરે છે.

પ્રભાકર ભટ્ટની પાત્રતા ભરી વિનંતી સાંભળીને હવે શ્રી યોગીન્દ્રદેવ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ આ ૧૧મી ગાથામાં કહે છે.

આગળની ગાથાઓમાં મુનિરાજે પંચપરમેષ્ઠીને વંદન કરીને હવે આ શરૂ કરે છે. પંચપરમેષ્ઠીના પ્રસાદથી જીવને મુક્તિ પ્રાપ્ત થાય છે. અરિહંતો વીતરાગ પર્યાયને સદેહે અનુભવે છે. સિદ્ધ ભગવંતો વીતરાગી પૂર્ણાનંદને અદેહે-અનુભવે છે, આચાર્યો નિશ્ચય અને વ્યવહાર પંચાચારને પાળે છે. ઉપાધ્યાય અને સાધુ મહારાજ આત્માની આરાધના કરી રહ્યા છે, આવા પાંચેય પદની હયાતીનો સ્વીકાર કરી હું તેમને નમસ્કાર કરું છું.

અહો! જેના મુખમાંથી પરમાત્માનું સ્વરૂપ ઝરે છે એવા અરિહંતો, જેણે સિદ્ધ-કૃતકૃત્યપદ પ્રાપ્ત કર્યું છે એવા સિદ્ધો અને જે સિદ્ધપુરીની નજીક પહોંચી ગયા છે એવાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે સર્વને હું વંદન કરું છું, આદર કરું છું.

મારે પણ સિદ્ધપુર પાટણ જવું છે, માટે હું પંચપરમેષ્ઠી ભગવંતોને મારી પર્યાયમાં ધારણ કરીને તેમનો આદર કરું છું-એમ યોગીન્દ્રદેવ પોતે કહે છે. પ્રભાકર ભટ્ટ શિષ્યે તો વંદન કર્યા પણ ગુરુ પોતે પણ પ્રથમ પંચપરમેષ્ઠીને વંદન કરીને ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ કહે છે.

જેના આશ્રયથી આ પંચપરમેષ્ઠી થયા એવા પરમાત્મસ્વરૂપની હું વાત કરું છું તેને હે શિષ્ય! એવી રીતે સાંભળ કે જે સાંભળેલું સાર્થક થાય જ. તું નિશ્ચયથી

સાંભળ! કે જે સાંભળેલું ફરી સાંભળવું પડે તે પહેલાં કાર્ય થઈ જાય એવી રીતે સાંભળ.

જે નિશ્ચયથી આત્માની વાત સાંભળે તેને ફરી દેહ જ મળતો નથી તો ફરી સાંભળવાની વાત તો દૂર રહી.

આત્મા (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા એમ ત્રણ પ્રકારનો છે. પૂર્ણાનંદનો નાથ સાહેબ આત્મા જડ શરીર, કર્મ અને રાગમાં એકત્વ માને તે મૂઢ બહિરાત્મા છે, અને એ મૂઢતા છોડીને અનાકુળ અખંડ આનંદકંદ આત્માનું ભાન કરે તે અંતરાત્મા છે અને પરમાત્મા જેવો સ્વભાવે છે તેવો જ પર્યાયમાં પ્રગટ થાય તે પરમાત્મા છે.

આ તો પર્યાયના ભેદે ત્રણ પ્રકારનો આત્મા સમજાવ્યો છે. વસ્તુએ તો આત્મા એક અખંડ પરમાત્મસ્વરૂપે જ સદાય રહેલો છે.

યોગીન્દ્રદેવ શિષ્યને કહે છે કે આ તેં પ્રશ્ન કર્યો એવો પ્રશ્ન અનાદિકાળથી ધર્મ પરંપરામાં અનેક મહાપુરુષો પૂછતાં આવ્યા છે અને તીર્થંકરો તેનો જવાબ આપે છે. ભવ્યોમાં મહા શ્રેષ્ઠ એવા ભરત ચક્રવર્તી, સગર ચક્રવર્તી, રામચંદ્ર, બલભદ્ર, પાંડવ આદિ મહાપુરુષોએ ઋષભદેવ, અજિતનાથ આદિ તીર્થંકરોને આ જ પ્રશ્ન કર્યો હતો કે પ્રભુ! સર્વ દુઃખ વિભાવથી રહિત નિર્મળ આત્માનું સ્વરૂપ કેવું છે, તે આપ અમને કહો!

ભરત ચક્રવર્તી એટલે કોણ કે જે છ ખંડના ધણી છે, જેના પુણ્યનો પાર નથી એવા ભરતે પણ આ પ્રશ્ન ઋષભનાથ ભગવાનને અને મહા યોદ્ધા પાંડવોએ પણ નેમિનાથ ભગવાનને આ પ્રશ્ન કર્યો હતો અને રામચંદ્રે દેશભૂષણ, કુલભૂષણ મુનિરાજને આ જ પૂછ્યું હતું કે જેમાંથી એક એક સમયે પરમાત્મદશા પ્રગટ થાય છતાં પરમાત્મદશાઓ કદી ખૂટે નહિ એવો તે આત્મા કેવો?

આમ કહીને મુનિરાજ ધર્મનું ત્રિકાળ અસ્તિત્વ સિદ્ધ કરતાં જાય છે. પૂર્વે ભરત આદિ સાધકો હતાં, તેના ઉત્તર દેનારા તીર્થંકર, કેવળી આદિ હતાં. આ રીતે ધર્મ અને ધર્મના સાધનારાનું અસ્તિત્વ ત્રિકાળ છે. અહીં ઋષભદેવથી માંડીને મહાવીર સુધીનું એટલે એક ચોવીશીનું અસ્તિત્વ સિદ્ધ કરી દીધું છે.

હજારો મુગટબંધી રાજાઓનો પણ રાજા એવો શ્રેણીક પણ ભગવાન મહાવીરને નમ્ર થઈને પૂછે છે કે આ દેહાદિથી રહિત આત્મા કેવો છે? અમારી પાસે ધન વૈભવનો પાર નથી. લાદી–લાદીએ અને પલંગે–પલંગે પણ અબજો રૂપિયાના હીરા ટાંકેલાં છે પણ એ બધાં તો આકુળતા અને દુઃખના નિમિત્તો છે તેમાં અમને શાંતિ નથી. માટે આકુળતાથી રહિત એવા આત્માનું સ્વરૂપ અમને બતાવો કે જેને પામીને અમે સુખી થઈએ.

જુઓ! ચક્રવર્તી જેવા મહારાજાઓ પણ પરમાત્મા પાસે પોકાર કરે છે કે જેની સેવામાં ૧૬૦૦૦ તો દેવો છે, ૯૬૦૦૦ જેને રાણીઓ છે, ૯૬ કરોડ પાયદળ છે તે પણ ભક્તિભાવથી નમ્રીભૂત થઈને ભગવાન પાસે આત્મસ્વરૂપ બતાવવાનો પોકાર કરે છે તો અત્યારના શેઠીયાઓની શું કિંમત! તેણે તો જરાય અભિમાન કરીને અટકવા જેવું નથી.

પ્રશ્નકારને વિનય કેવો હોય? કે ભક્તિના ભારથી જેનું મસ્તક નમી ગયું હોય એટલે નમ્ર....નમ્ર....નમ્ર.....થઈને મહા વિનયથી પ્રશ્ન કરે. પૂર્વના રાજા-મહારાજાઓ પરિવાર સહિત સમોસરણમાં આવીને ગલુડિયા જેવાં એટલે ભગવાનના દાસાનુદાસ થઈને ચરણ સેવક થઈને નમ્રભાવે પ્રભુને પ્રશ્ન કરતાં હતાં અને ભગવાન તેમને જે ઉત્તર આપતાં હતાં તે જ ઉત્તર હે શિષ્ય! હું તને આપું છું.

અહીં 'સર્વ આગમ' શબ્દ મૂક્યો છે, ભગવાનને વિનયવાન શિષ્ય સર્વ આગમના પ્રશ્ન કરે છે એટલે છ દ્રવ્ય, નવ પદાર્થ, સાત તત્ત્વ, પંચાસ્તિકાય આદિ બધાંનું અસ્તિત્વ છે અને તેનો શિષ્યને ખ્યાલ છે. શિષ્ય એકલા આત્મા....આત્માની વાત કરતો નથી. એકલા આત્માની વાત કરે છે, તેને વ્યવહારની પણ ખબર નથી. છ દ્રવ્ય, સાત તત્ત્વ આદિના જ્ઞાન સહિત આત્માની વાત કરે તો યથાર્થ છે.

સર્વ આગમ એટલે ચારેય અનુયોગમાં જે શૈલીથી કથન છે તેનો થોડો થોડો ખ્યાલ કરીને પછી શિષ્ય સર્વ પ્રકારે ધ્યાન કરવા યોગ્ય શુદ્ધાત્માનું સ્વરૂપ પૂછે છે તેનો ગુરુ ઉત્તર આપે છે.

"સંસાર વિનાશક, નિર્વાણ ઉત્પાદક પરમાત્મસ્વરૂપ પ્રકાશનાર મહિમાવંત સદ્ગુરુ-દેવનો જય હો."

[ક્રમશઃ]

—૦—

ભાઈ! આ સત્ય સમજ્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય તારા આરા આવવાના નથી. ચાહે મહાવ્રત પાળ, ચાહે ભક્તિ કરીને મરી જા, ચાહે કરોડો મંદિર બંધાવ, ચાહે ટોકરા વગાડ, પણ તારો આરો આવવાનો નથી. મિથ્યા શ્રદ્ધામાં અનંતા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# આશ્રય યોગ્ય : એકમાત્ર પારિણામિકભાવ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી ]

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહિ;
સ્થાનો ન ઉપશમભાવનાં, કે ઉદયભાવ તણાં નહિ. ૪૧.

અન્વયાર્થ:—જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમસ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી, ઉપશમનાં સ્થાનો નથી. ૪૧.

**આત્માનો શુદ્ધ સ્વભાવ:**—પરમ પારિણામિકભાવ અનાદિ અનંત એકરૂપ છે તેના આશ્રયે ધર્મ થાય છે. ઔદયિકભાવ વિકાર છે, વિકારના આશ્રયે ધર્મ થતો નથી. ઉપશમભાવ વખતે સત્તામાં કર્મ પડયા છે તે ભાવ નિર્મળ હોવા છતાં પર્યાય છે, પર્યાયના લક્ષે રાગ થાય છે, ધર્મ થતો નથી. તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા એમ કહ્યું કે જીવને ચાર ભાવો નથી. શુદ્ધ જીવ પરમપારિણામિકભાવ છે, તેના આશ્રયે ધર્મ થાય છે.

**[૧] ઔપશમિકભાવ અધૂરી નિર્મળ પર્યાય છે. અધૂરી પર્યાય ધર્મનું કારણ નથી.**

આ પાંચ ભાવોમાં ઔપશમિક ભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીશ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે.

**(૧) ઉપશમ સમકિત:**—હવે ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે:—અનાદિ મિથ્યાદૃષ્ટિને આત્માનું સાચું ભાન થાય ત્યારે પ્રથમ ઉપશમ ભાવ પ્રગટે છે માટે તેને પહેલો લીધો છે, તેના બે ભેદ (૧) ઉપશમ સમકિત, (૨) ઉપશમ ચારિત્ર. ઉપશમ સમકિત જીવદ્રવ્યના શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય છે. આત્મા પર પદાર્થથી જુદો છે, વિકારથી રહિત છે, એવા શુદ્ધ જીવનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં જીવને પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટે છે. સત્તામાં કર્મ પડેલા છે, એટલે દબાયેલા છે તેથી તેને ઉપશમ કહે છે. તેનો કાળ અંતર્મુહૂર્ત છે. ઉપશમ સમકિત અધૂરી નિર્મળ પર્યાય છે. અધૂરી નિર્મળ પર્યાયમાંથી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટતી નથી માટે ઉપશમ સમકિત મોક્ષનું કારણ નથી. શુદ્ધ સ્વભાવ એક જ મોક્ષનું કારણ છે.

**(૨) ઉપશમ ચારિત્ર:**—શુદ્ધ આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અંતર રમણતા કરવી તે ચારિત્ર છે, પણ સત્તામાં કર્મ પડયા છે તેથી તે ઉપશમ ચારિત્ર છે, તેનો કાળ અંતર્મુહૂર્ત છે. તેનો કાળ સાદિ-સાંત છે. તેના લક્ષે મોક્ષદશા થતી નથી. પર્યાયમાંથી પર્યાય પ્રગટે નહિ. પરમ-પારિણામિક સ્વભાવભાવ અનાદિ અનંત છે. તેના આશ્રયે ધર્મ

થાય છે. સોનામાં થોડો મેલ હોય તો તે મેલમાંથી દાગીના થતા નથી. તેમ ઔદયિકભાવ વિકાર છે, તેમાંથી અવિકારી દશા થતી નથી. વળી સોનાના કુંડલમાંથી નવો દાગીનો કડારૂપે થતો નથી, પણ કુંડલનો અભાવ થઈ કડું થાય છે. એટલે સોનામાંથી નવા દાગીના થાય છે. તેમ ઉપશમભાવ પર્યાય છે, પર્યાયમાંથી મોક્ષની પર્યાય પ્રગટતી નથી. ઉપશમ સમકિત અથવા ઉપશમ ચારિત્ર રાખીને મોક્ષદશા થતી નથી પણ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ અનાદિ અનંત પારિણામિકભાવે છે તે મોક્ષનું કારણ છે, પણ ઉપશમ ચારિત્ર મોક્ષનું કારણ નથી. આ પ્રમાણે ઉપશમભાવ પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય થતી નથી. માટે ઉપશમભાવ મોક્ષનું કારણ નથી.

[૨] "ક્ષાયિકભાવ પૂર્ણ નિર્મળદશા હોવા છતાં પર્યાય હોવાથી ધર્મ માટે આદરણીય નથી."

ક્ષાયિક ભાવના નવ ભેદ આ પ્રમાણે છે:—

ક્ષાયિક સમ્યક્ત્વ, યથાખ્યાતચારિત્ર, કેવળજ્ઞાન, કેવળદર્શન, અંતરાય કર્મના ક્ષયજનિત દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય.

(૧) ક્ષાયિક સમ્યક્ત્વ:—આત્મા પર પદાર્થથી જુદો છે તેમજ વિકાર તથા પર્યાય જેટલો આત્મા નથી. આત્મા પરિપૂર્ણ શુદ્ધ છે. એવી પ્રતીતિ થવી તે સમ્યક્ત્વ છે. પરિપૂર્ણ શુદ્ધ સમ્યક્ત્વ પ્રગટ થવું કે જેમાં નિમિત્તરૂપે દર્શનમોહનીય કર્મનો સર્વથા ક્ષય થયો હોય તે ક્ષાયિક સમ્યક્ત્વ છે. તે ચોથે ગુણસ્થાનથી હોય છે ને સાદિ અનંત કાળ રહે છે પણ તે પર્યાય છે. ક્ષાયિક સમ્યક્ત્વની પર્યાયના આશ્રયથી કેવળજ્ઞાન પામતું નથી. શુદ્ધ સ્વભાવના જ આધારે કેવળજ્ઞાન પમાય છે. માટે ક્ષાયિક ધર્મ અથવા મોક્ષનું કારણ નથી.

(૨) ક્ષાયિક યથાખ્યાતચારિત્ર:—આત્માના ભાન પછી આત્માની પરિપૂર્ણ લીનતા વડે મોહનીયકર્મનો ક્ષય થતાં પ્રગટ થતી અવસ્થાને યથાખ્યાતચારિત્ર કહે છે, તે બારમે ગુણસ્થાને પ્રગટે છે. પણ તે એક સમયની અવસ્થા છે, તે પર્યાયમાંથી મોક્ષની પર્યાય પ્રગટતી નથી, મોક્ષનો આધાર ધ્રુવસ્વભાવ છે. યથાખ્યાતચારિત્ર મોક્ષનું કારણ નથી. આથી વીતરાગી દશા જે સાદિ અનંતકાળ પ્રવાહરૂપે રહે તે પણ મોક્ષનું કારણ નથી, તો પછી રોટલા ન ખાધા ને ઉપવાસ કર્યા એ મોક્ષનું કારણ ક્યાંથી હોય? ન જ હોય.

(૩) કેવળજ્ઞાન:—યથાખ્યાતચારિત્ર થયા પછી આત્મામાં કેવળજ્ઞાનદશા તેરમે ગુણસ્થાને પ્રગટે છે. તે વડે સ્વ-પર બધા પદાર્થોને યુગપદ જાણી લ્યે છે. તેમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય પ્રગટ થયો હોય છે. કેવળજ્ઞાન સાદિ અનંતકાળ સુધી રહે છે, પણ તે એક સમયની અવસ્થા છે. કેવળજ્ઞાનમાંથી કેવળજ્ઞાનની અવસ્થા પ્રગટતી નથી. કેવળજ્ઞાન પર્યાય પ્રગટવાનું કારણ ધ્રુવસ્વભાવ છે. વળી નીચલી દશાવાળાને કેવળજ્ઞાન

પ્રગટ નથી, પ્રગટ નથી તેનો વિચાર કરતાં રાગ થાય છે, ધર્મ થતો નથી. માટે કેવળજ્ઞાન પર્યાય હોવાથી ધર્મનું કારણ નથી. ધર્મનું કારણ શુદ્ધ સ્વભાવ જ છે.

(૪) **કેવળદર્શન:**—આત્મામાં પરિપૂર્ણ દૃષ્ટાશક્તિ વ્યક્ત થઈ જવી ને નિમિત્તરૂપે દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવો તેને કેવળદર્શન કહે છે. તે સાદિ અનંત કાળ રહે છે પણ તે પર્યાય છે. પર્યાયના લક્ષે વિચાર કરવાથી રાગ થાય છે માટે કેવળદર્શન ધર્મનું કારણ નથી.

(૫) **ક્ષાયિક દાન:**—શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટ થતી નિર્મળ પર્યાયોનું આત્મા પોતે પોતાને દાન આપે તે ક્ષાયિકદાન છે. કર્મનો ક્ષય કરી ઉત્પન્ન થયેલ પર્યાય છે. પોતાના પરમ સ્વભાવના અવલંબને તે પ્રગટ થાય છે. સાદિ અનંત કાળ રહે છે, પણ તે પર્યાય છે માટે આદરણીય નથી. ધર્મનું કારણ નથી.

(૬) **ક્ષાયિક લાભ:**—શુદ્ધ આત્માના આશ્રયે આત્મામાં આનંદ વિગેરે પ્રગટ થાય છે. તે વીતરાગી દશાનો પોતે પોતાને લાભ આપે તે ક્ષાયિક લાભ છે. તે લાભાંતરાય કર્મના નાશથી ઉત્પન્ન થયેલ છે. સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે માટે ધર્મ માટે આદરણીય નથી.

(૭) **ક્ષાયિક ભોગ:**—શુદ્ધ આત્માને આશ્રયે આનંદદશા પ્રગટ થાય છે તે આનંદ વિગેરેને પોતે ભોગવે છે. તે ક્ષાયિક ભોગ ભોગાંતરાય કર્મના નાશથી ઉત્પન્ન થાય છે, સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે, માટે ધર્મ માટે આદરણીય નથી.

(૮) **ક્ષાયિક ઉપભોગ:**—શુદ્ધ આત્માના આશ્રયે વીતરાગી સુખ વિગેરે જે પ્રગટ થાય છે, તેને આત્મા વારંવાર ભોગવે છે. તે ક્ષાયિક ઉપભોગ ઉપભોગાંતરાય કર્મના નાશથી ઉત્પન્ન થાય છે, સાદિ અનંતકાળ રહે છે પણ તે પર્યાય છે માટે ધર્મ માટે આદરણીય નથી.

(૯) **ક્ષાયિક વીર્ય:**—શુદ્ધ આત્માના આશ્રયે પરિપૂર્ણ વીર્યદશા-આત્મબળ પ્રગટવું ને નિમિત્તરૂપે વીર્યાંતરાય કર્મનો નાશ થાય છે, તેને ક્ષાયિકવીર્ય કહે છે. તે પર્યાય છે તેથી ધર્મ માટે આદરણીય નથી. આ પ્રમાણે ક્ષાયિકભાવોના ભેદો બતાવ્યા પણ તે પર્યાય છે, સાધક જીવને પ્રગટ નથી. તેથી તેનો વિચાર કરવા જતાં રાગ થાય છે. માટે તે ધર્મનું કારણ નથી.

**[૩] ક્ષાયોપશમિકભાવ અધૂરી પર્યાય છે. તેથી તેના આશ્રયે ધર્મ થતો નથી.**

ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે:—

(૧) મતિજ્ઞાનઃ—તે જ્ઞાનની સ્થિતિ સાદિસાંત છે. નવું પ્રગટે છે ને કેવળજ્ઞાન થતાં નાશ પામે છે. માટે મતિજ્ઞાનની પર્યાય ધર્મ માટે આદરણીય નથી.

(૨) શ્રુતજ્ઞાનઃ—શ્રુતજ્ઞાન પણ સાદિસાંત છે ને કેવળજ્ઞાન થતાં નાશ પામે છે; શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન અથવા મોક્ષ થતો નથી. શ્રુતજ્ઞાનનો અભાવ થઈ કેવળજ્ઞાન થાય છે. અભાવમાંથી ભાવ આવે નહિ. કેવળજ્ઞાન અથવા મોક્ષનું કારણ પરમ શુદ્ધ સ્વભાવ છે. શ્રુતજ્ઞાનની પર્યાય ધર્મ માટે આદરણીય નથી.

(૩) અવધિજ્ઞાનઃ—કોઈ સમ્યગ્દૃષ્ટિને અવધિજ્ઞાન પ્રગટે છે તે રૂપી પદાર્થને જાણે છે, તેની સ્થિતિ સાદિ સાંત છે તે પર્યાય કેવળજ્ઞાન થતાં નાશ પામે છે, માટે અવધિજ્ઞાન મોક્ષનું કારણ નથી માટે અવધિજ્ઞાન આદરણીય છે.

(૪) મનઃપર્યયજ્ઞાનઃ—કોઈ ભાવલિંગી મુનિને મનઃપર્યયજ્ઞાન પ્રગટે છે. તેથી સામેના જીવના રૂપી પદાર્થ સંબંધીના વિચારો જાણી શકાય છે. પણ તેનો નાશ થઈ કેવળજ્ઞાન પ્રગટે છે. મનઃપર્યયજ્ઞાન પર્યાય છે, મોક્ષનું કારણ નથી માટે આદરણીય નથી.

(૫) કુમતિજ્ઞાનઃ—પુણ્યથી ધર્મ માને, ત્રિકાળીથી લાભ ન માને, તેવા મિથ્યાદૃષ્ટિને કુમતિજ્ઞાન છે, તે જ્ઞાન ધર્મ માટે આદરણીય નથી.

(૬) કુશ્રુતજ્ઞાનઃ—મિથ્યાદૃષ્ટિના વિશેષ ઉત્તર તર્કણારૂપી જ્ઞાનને કુશ્રુતજ્ઞાન કહે છે. ધર્મદશા પ્રગટ કરે તેને માટે અનાદિ સાંત છે. તે જ્ઞાન ધર્મ માટે આદરણીય નથી, ધર્મનું કારણ નથી.

(૭) વિભંગજ્ઞાનઃ—મિથ્યાદૃષ્ટિનું રૂપીપદાર્થને જાણતું વિભંગજ્ઞાન ધર્મનું કારણ નથી.

(૮) ચક્ષુદર્શનઃ—<br>(૯) અચક્ષુદર્શનઃ—<br>(૧૦) અવધિદર્શનઃ— } સામાન્ય અવલોકન શક્તિની અધૂરી પર્યાયો છે તે ધર્મનું કારણ નથી.

હવે અહીંયા લબ્ધિમાં પાંચ ભેદો ઉતાર્યા છે. એટલી વિશિષ્ટતા છે. તત્ત્વાર્થ-સૂત્રમાં દાન, લાભના પાંચ ભેદો કહેલા છે.

(૧૧) કાળલબ્ધિઃ—આને ક્ષયોપશમ લબ્ધિ પણ કહે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયેલો જ્ઞાનનો ઉઘાડ તે કાળલબ્ધિ છે. પણ તે પર્યાય છે તેથી ધર્મનું કારણ નથી.

(૧૨) કરણલબ્ધિઃ—સમ્યગ્દર્શન થતી વખતે અથવા ચારિત્રદશા થતી વખતે આત્મામાં અલ્પકાલિન શુદ્ધ પરિણામ થાય છે તેને કરણલબ્ધિ કહે છે. તે ધર્મનું કારણ નથી. જીવ પોતાના શુદ્ધ ચૈતન્યના આશ્રયે સમકિત અથવા ચારિત્ર પ્રગટ કરે છે તો કરણલબ્ધિથી થયું એમ કથન કરવામાં આવે છે.

(૧૩) ઉપદેશલબ્ધિ:—આને દેશનાલબ્ધિ પણ કહે છે. જ્ઞાની પુરુષો પાસેથી દેશના સાંભળી વિચાર કરવાની શક્તિને દેશનાલબ્ધિ કહે છે. પણ તે પર્યાય છે, ધર્મનું કારણ નથી.

(૧૪) ઉપશમલબ્ધિ:—આને વિશુદ્ધ લબ્ધિ પણ કહે છે. કષાયની મંદતાના પરિણામ થવા તેને ઉપશમલબ્ધિ કહે છે તે ધર્મનું કારણ નથી.

(૧૫) પ્રાયોગ્યલબ્ધિ:—કર્મની સ્થિતિ અંત-કોડાકોડીની થવી તેવી આત્માની યોગ્યતાને પ્રાયોગ્યલબ્ધિ કહે છે. તેના આધારે ધર્મ થતો નથી.

(૧૬) વેદક સમ્યક્ત્વ:—આને ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ કહે છે તે કાંઈક નિર્મળ છે, ને કાંઈક વિઘ્ન સહિત છે, તે મોક્ષનું કારણ નથી.

(૧૭) વેદક ચારિત્ર:—આ ચારિત્રમાં કાંઈક નિર્મળતા છે ને કાંઈક મલિનતા છે, તે મોક્ષનું કારણ નથી.

(૧૮) સંયમાસંયમ પરિણતિ:—અંતરભાન થયા પછી અમુક રાગ ટળ્યો છે ને અમુક રાગ બાકી છે તે સંયમાસંયમદશા શ્રાવકદશા કહેવાય છે, પણ તે મોક્ષનું કારણ નથી. આ પ્રમાણે ક્ષયોપશમભાવના અઢાર ભેદ કહ્યા. તેમાં અંશે નિર્મળતા છે, અંશે આવરણવાળી પર્યાયો છે તે પર્યાયોના આધારે ધર્મદશા અથવા મોક્ષદશા પ્રગટતી નથી.

[૪] ઔદયિકભાવ વિકાર છે, વિકારના લક્ષે ધર્મ થતો નથી.

ઔદયિકભાવના એકવીશ ભેદ આ પ્રમાણે છે:—

(૧) નરક ગતિ:—જે જીવ તીવ્ર પાપ કરે તે નરકગતિમાં જાય છે તે ધર્મનું કારણ નથી. કેટલાક જીવો કહે છે કે ખૂબ દુઃખ વેઠીએ તો સમકિત થાય. નરકના જીવો ઘણું કષ્ટ વેઠે છે તો તેને ધર્મ થવો જોઈએ. પણ એમ બનતું નથી, ત્યાં અધર્મ કરે છે, કોઈ ધર્મી જીવ પૂર્વના સંસ્કાર લાવે ને પુરુષાર્થ કરે તો ધર્મ પામે છે. તે ધ્રુવ ચૈતન્યના આશ્રયે ધર્મ થાય છે. નરકગતિ ધર્મનું કારણ નથી.

(૨) તિર્યંચ ગતિ:—ઢોર ગતિ ધર્મનું કારણ નથી.

(૩) મનુષ્ય ગતિ:—મનુષ્યગતિ ધર્મનું કારણ નથી, જો તે ધર્મનું કારણ હોય તો બધા મનુષ્યોને ધર્મ થવો જોઈએ. જે મનુષ્ય ધ્રુવસ્વભાવનું અવલંબન લ્યે છે તે ધર્મ પામે છે. મનુષ્ય ગતિ અથવા તીર્થંકર પુણ્ય પ્રકૃતિ ધર્મનું કારણ નથી.

(૪) દેવ ગતિ:—દેવગતિ ધર્મનું કારણ નથી. દેવઋદ્ધિ દેખીને કોઈને સમકિત થાય છે તે નિમિત્તનું કથન છે. પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને ધર્મ થાય છે. તેમાં કોઈ જીવને દેવઋદ્ધિનું દેખવું નિમિત્ત થાય છે. દેવગતિ ધર્મનું કારણ નથી.

(૫) ક્રોધ (૬) માન (૭) માયા (૮) લોભ:—કષાયના પરિણામો છે, તે અધર્મનું કારણ છે.

(૯) સ્ત્રીલિંગ:—પુરુષ સાથે રમવાનો ભાવ તે સ્ત્રીવેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

(૧૦) પુરુષલિંગ:—સ્ત્રી સાથે રમવાનો ભાવ તે પુરુષવેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

(૧૧) નપુંશકલિંગ:—સ્ત્રી-પુરુષ સાથે રમવાનો ભાવ તે નપુંશક-વેદનો ઉદય છે, તે ધર્મનું કારણ નથી.

(૧૨) મિથ્યાદર્શન:—આત્માના સ્વરૂપની વિપરીત માન્યતા તે મિથ્યાદર્શન છે. સામાન્યપણે એક છે તેના પેટાભેદ અસંખ્ય છે તેનાથી ધર્મ નથી.

(૧૩) અજ્ઞાન:—અલ્પજ્ઞાન ઓછું જ્ઞાન હોવું તેને અજ્ઞાન કહે છે.

(૧૪) અસંયમ:—સંયમ ન હોવો તે ઔદયિક ભાવ છે તે ધર્મનું કારણ નથી.

(૧૫) અસિદ્ધત્વ:—જીવની અશુદ્ધતા જેને લીધે સિદ્ધદશા પામી ન શકે તે ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયમાં છે. અસિદ્ધત્વ ધર્મનું કારણ નથી.

હવે લેશ્યાના છ ભેદ કહે છે.

આત્માના જે પરિણામથી કર્મનું ચોંટવું થાય તેને લેશ્યા કહે છે. દષ્ટાંતપૂર્વક જુદી જુદી લેશ્યા સમજાવેલ છે. છ જણને કેરી ખાવી છે પણ છ ના પરિણામમાં ફેર છે.

(૧૬) શુકલ લેશ્યા:—પવન વાવાથી કેરીઓ જે કુદરતી રીતે નીચે પડે તે ખાવી એવા પ્રકારના ભાવ તે શુકલ લેશ્યાનું દષ્ટાંત છે.

(૧૭) પદ્મલેશ્યા:—આંબા ઉપર ચડીને કેરીને તોડીને ખાવાના ભાવ તે પદ્મ લેશ્યાનું દષ્ટાંત છે.

(૧૮) પીત લેશ્યા:—આંબા ઉપર ચડીને ઝૂમખાં કાપીને કેરી ખાવાના ભાવ તે પીત લેશ્યાનું દષ્ટાંત છે.

(૧૯) કાપોત લેશ્યા:—આંબા ઉપર ચડી નાની ડાળ કાપીને કેરી ખાવાના ભાવ તે કાપોત લેશ્યાનું દષ્ટાંત છે.

(૨૦) નીલ લેશ્યા:—આંબાની મોટી ડાળ કાપીને કેરી ખાવાના ભાવ તે નીલ લેશ્યાનું દ્રષ્ટાંત છે.

(૨૧) કૃષ્ણ લેશ્યા:—આખો આંબો કાપીને ખાવાના ભાવ તે કૃષ્ણ લેશ્યાનું દ્રષ્ટાંત છે. તેમાં શુકલ, પદ્મ, પીત ત્રણ શુભ છે, ને કપોત, નીલ, કૃષ્ણ તે ત્રણ અશુભ છે. તે

લેશ્યા અધર્મનું કારણ છે. શુકલલેશ્યા પણ ધર્મનું કારણ નથી. આ પ્રમાણે ઔદયિક-ભાવના ૨૧ ભેદ બતાવ્યા તેમાંના કોઈ પણ ભાવે ધર્મ થતો નથી. તેના ઉપરથી લક્ષ છોડી શુદ્ધ ચૈતન્યસ્વભાવનું લક્ષ કરવું તે ધર્મનું કારણ છે.

[૫] પારિણામિકભાવના ત્રણ ભેદ:—પારિણામિકભાવના ભેદ આ પ્રમાણે છે:—

(૧) જીવત્વપારિણામિક:—ત્રિકાળ જીવપણું રહેવું તેને જીવત્વપારિણામિકભાવ કહે છે, કોઈ દિવસે જીવ જડ ન થાય. કીડી થાય, કાગડો થાય, પણ જીવત્વ કાયમ રહે. ભવ્યો તેમ જ અભવ્યોને આ સમાન હોય છે.

(૨) અભવ્યત્વપારિણામિક:—આ ભાવ અભવી જીવોને હોય છે, કોરડુ મગ લાખ પાણીએ પણ ચડતા નથી તેમ અભવી જીવ કદી પણ મોક્ષ જતા નથી.

પાપ કર્યા માટે અભવી થયા છે, એમ નથી પણ એવું જ એનું ત્રણેકાળ મોક્ષ માટે નાલાયકપણું છે. અભવી કરતાં ભવી જીવો અનંત ગુણા છે.

(૩) ભવ્યત્વપારિણામિક:—આ ભાવ ભવ્ય જીવોને હોય છે. જે મુક્તિને લાયક હોય છે તેને ભવી કહેવામાં આવે છે. પુણ્ય કર્યા માટે ભવી એવો અર્થ નથી, પણ ભવીપણાનો સ્વભાવ છે.

આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.

ક્ષાયિકભાવ સિદ્ધોને તથા કેવળીને હોય છે ને ઔદયિક ઔપશમિક ક્ષાયોપશમિક ભાવો સંસારીને જ હોય છે:—

પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારરૂપ છે. આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે. તેમાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરી અંતર શક્તિ હતી તે વ્યક્ત થઈ તે પૂર્ણ નિર્મળ વ્યક્ત દશાને કાર્યસમયસાર કહે છે. તીર્થંકરના જન્મકલ્યાણક આદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે. એવા તીર્થંકર ભગવાન, સામાન્ય કેવળી તથા સિદ્ધ ભગવંતોને ક્ષાયકભાવ હોય છે.

કર્મોના ઉદયથી થતો ઔદયિકભાવ, કર્મોના ઉપશમથી થતો ઔપશમિકભાવ અને કર્મોના ક્ષયોપશમથી થતો ક્ષયોપશમિકભાવ સંસારીઓને જ હોય છે. સિદ્ધના જીવોને તે ત્રણ ભાવો હોતા નથી.

ઔદયિકાદિ ચાર ભાવો આવરણ સંયુક્ત છે માટે તેનો આશ્રય કરવા જેવો નથી. ક્ષાયિકભાવને આવરણ સંયુક્ત કેમ કહ્યો?

પૂર્વોક્ત ચાર ભાવો આવરણ સંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી. ઔદયિકભાવમાં કર્મોનો ઉદય છે, ઉપશમભાવમાં કર્મોનો ઉપશમ છે, ક્ષયોપશમભાવમાં કર્મોનો ક્ષયોપશમ છે. તે તો આવરણ સંયુક્ત છે, પણ ક્ષાયિકભાવ તો કર્મનો ક્ષય કરી ઉત્પન્ન થયેલો

છે, છતાં તેને અહીં આવરણ સંયુક્ત કહેવાનો ભાવ એ છે કે ક્ષાયિકભાવમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. વળી નીચલી દશાવાળાને ક્ષાયિકભાવ પ્રગટ નથી ને તેનો વિચાર કરવા જતાં આત્માને આવરણ થાય છે માટે તેનું લક્ષ કરવા જેવું નથી તેથી તેને આવરણ સંયુક્ત કહીને તે ઉપરનું લક્ષ છોડાવ્યું છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ભાવો ક્ષણિક પર્યાયો છે, તેના અવલંબને ધર્મ નથી ને ક્ષાયિકના લક્ષે પણ રાગની ઉત્પત્તિ થાય છે, માટે તે ઉપરનું લક્ષ પણ છોડવા જેવું છે. માટે ચારેમાં કોઈનું પણ અવલંબન કરવા જેવું નથી.

**પરમપારિણામિકભાવ અનાદિ અનંત એકરૂપ શુદ્ધ છે, તેના આશ્રયે ધર્મદશા પ્રગટે છે.**

પરમપારિણામિકભાવ ત્રણેકાળે ઉપાધિથી તથા કર્મની અપેક્ષાથી રહિત છે, એકરૂપ શુદ્ધ ભાવ છે, ત્રિકાળ શુદ્ધ છે, તેની ભાવનાથી મુક્તિ પમાય છે. ઔદયિકાદિ ચાર ભાવોથી મુક્તિ પમાતી નથી. મુમુક્ષુ એટલે પંચમભાવની ભાવનાવાળો જીવ કે જે શુદ્ધ ચિદાનંદસ્વરૂપને ભાવે છે. તે વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જાય છે, ભવિષ્યમાં જશે ને ભૂતમાં જતાં. જેમ લીંડીપીપરમાં તીખાશ ભરેલી છે તે વ્યક્ત થાય છે તે તીખાશ પત્થરમાંથી અથવા પૂર્વ પર્યાયમાંથી આવતી નથી, અંદર શક્તિ ભરી છે તે વ્યક્ત થાય છે. તેમ આત્મામાં શક્તિ ભરી છે તેમાંથી વ્યક્ત દશા થાય છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. ઔદયિકાદિ ભાવો જીવનું ખરું સ્વરૂપ નથી. ઔદયિકાદિ ભાવને જીવ કહ્યો જ નથી. પરમપારિણામિક ભાવવાળા જીવને જીવ કહ્યો છે અથવા કારણપરમાત્મા કહ્યો છે. તેના આધારે મોક્ષ દશા થાય છે એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ—ત્રણે કાળે પરમાર્થનો પંથ એક જ છે, બીજો માર્ગ નથી.

**પ્રશ્ન :**—અજ્ઞાની જીવને પરમપારિણામિકભાવરૂપ કારણપરમાત્મા છે છતાં તેનું કાર્ય કેમ પ્રગટતું નથી?

**સમાધાન :**—અજ્ઞાની જીવ કારણપરમાત્માને કબૂલતો નથી તેથી શુદ્ધ કાર્ય પ્રગટતું નથી. જે જીવ પરમપારિણામિકભાવરૂપ કારણને કબૂલે છે તેને શુદ્ધ દશા કાર્યરૂપ પ્રગટ થાય છે. જેને કારણપરમાત્માનું ભાન નથી તેવાં મિથ્યાદૃષ્ટિને કારણસ્વભાવ વિદ્યમાન હોવા છતાં અવિદ્યમાન જેવો છે. ત્રિકાળી સ્વભાવ અથવા કારણસ્વભાવનું મનન કરે તો કાર્ય આવે છે. મનન ન કરે તો કાર્ય પ્રગટે નહિ. ચિદાનંદ ધ્રુવસ્વભાવ શ્રદ્ધા, જ્ઞાનમાં ખ્યાલમાં આવ્યો ત્યારે કારણરૂપની યથાર્થતા ખ્યાલમાં આવી કહેવાય. કારણનું અવલંબન લે તો કાર્ય પ્રગટે છે. અજ્ઞાનીને કારણ કાર્યરૂપે પ્રગટતું નથી. તેને તો કારણસ્વભાવનું ભાન નથી. જ્ઞાનીઓ કહે છે કે તેને ભાન નહિ હોવા છતાં તેનો સ્વભાવ શુદ્ધ કારણરૂપ પડેલો છે, પણ તેને ભાન નથી તેથી કાર્ય પ્રગટતું નથી. માટે શુદ્ધ સ્વભાવ પરમ પારિણામિકભાવના આશ્રયે મુક્તિ થાય છે–એમ શ્રદ્ધા, જ્ઞાન કરવા. [ક્રમશઃ] *

# જડેશ્વર, વિભાવેશ્વર અને પરમેશ્વર

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

( સળંગ પ્રવચન નં. ૪૪)

આ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૩૯ મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. તેમાં મુનિરાજ કહે છે કે ધર્મી જીવ એવા હોય છે કે તે સમસ્ત સંસારને ઇન્દ્રજાળ સમાન જાણે છે. પોતાના આત્મા સિવાય બધામાં તેને ઉપેક્ષાબુદ્ધિ થઈ જાય છે.

ધર્મીને સર્વ પદાર્થોથી ઉપેક્ષાબુદ્ધિ થઈ ગઈ છે, કેમ કે તે જાણે છે કે શરીર, મન, વાણી, આબરુ, સ્ત્રી, મકાન, ગામ, નગર આદિ બધામાં જે કાંઈ ફેરફાર થાય છે તે તેનાથી થાય છે. તેમાં મારો કોઈ અધિકાર નથી. અજ્ઞાની તેનો અધિકારી પોતાને માને છે તે તેનું અજ્ઞાન છે. કારણ કે જડનો અધિકારી જડ છે, ચેતન નહિ.

ઇંદ્રજાલ સમ દેખ જગ, આતમહિત ચિત્ત લાય,
અન્યત્ર ચિત્ત જાય જો, મનમાં તે પસ્તાય. ૩૯.

જેમ ઇન્દ્રજાળ એ કોઈ વસ્તુ નથી. તેમ પોતાને માટે બાહ્ય વસ્તુ અવસ્તુ જ છે. તો તેમાં ગ્રહણ–ત્યાગ, લેવું–મૂકવું–દેવું–લેવું એ અભિપ્રાય મિથ્યા છે. ઇન્દ્રજાળ એટલે કાંઈ હોય નહિ અને ખોટું ઊભું કરી દેવું તે ઇન્દ્રજાળ કહેવાય. તેમ પરપદાર્થમાં ફેરફાર કરવો તે વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ, છતાં અજ્ઞાની પોતાની મિથ્યાબુદ્ધિથી એમ માને છે કે પરનું ગ્રહણ–ત્યાગ કરું છું, પરની હિંસા કરું છું, પરની દયા પાળું છું એમ મિથ્યા અભિમાન ઊભું કરે છે.

જ્ઞાનીને પરમાં કર્તાપણાની આવી મિથ્યાબુદ્ધિ નહિ હોવાથી, પરથી ઉપેક્ષાબુદ્ધિ કરીને જ્ઞાની તો પોતાના ચિદાનંદસ્વરૂપ આત્માની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. કેમ કે અંતરની ચીજ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. બહારની ચીજ પુરુષાર્થથી પ્રાપ્ત થતી નથી.

પરથી મને કાંઈ લાભ–નુકશાન નથી અને મારાથી પરને કાંઈ લાભ–નુકશાન નથી. એવો નિર્ણય થઈ ગયો હોવાથી જ્ઞાનીને પરપદાર્થ પ્રત્યે ઉપેક્ષાબુદ્ધિ વર્તે છે છતાં અસ્થિરતાના દોષને કારણે પૂર્વના સંસ્કારવશ મન–વચન–કાયાથી કાંઈ પ્રવૃત્તિ કરી બેસે છે તો ત્યાંથી પાછો વળીને ફરી પશ્ચાત્તાપ કરે છે કે અરે! આ મેં આત્માનું અહિત કેમ કર્યું?

જેને સ્વાત્મ-સંવેદન કરવામાં આનંદ આવ્યા કરે છે, એવા ધર્મી જીવ ચરાચર પદાર્થમાં તથા સ્થાવર-જંગમરૂપ સમસ્ત બાહ્ય પદાર્થોમાં ફેરફાર કરવો તે મારી બુદ્ધિનો કે મારા પ્રયત્નનો વિષય જ નથી એમ જાણી તેનાથી ઉપેક્ષાબુદ્ધિ કરે છે.

બંધ અધિકારમાં આ વાત આવે છે કે કોઈને મારવા-જીવાડવા કે સુખી-દુઃખી કરવા તે જીવની બુદ્ધિનો કે પ્રયત્નનો વિષય જ નથી. કેમ કે જીવના પ્રયત્નથી તે કાર્ય થતું નથી. દરેક વસ્તુ પોતાના કારણે પોતે પરિણમી રહી છે તેમાં ફેરફાર કરવો જીવના અધિકારની વાત નથી. તો પછી જે પોતાની સ્વરૂપપ્રાપ્તિના ઉદ્યમમાં તત્પર છે તેવા ધર્મી પરપદાર્થમાં ફેરફાર કરવાની બુદ્ધિ શું કામ કરે! ન જ કરે. જે જાણે છે કે ઇન્દ્રજાળમાં સર્પ કે હાર કાંઈ છે જ નહિ તો હાર ગ્રહણ કરવાની અને સર્પ છોડવાની બુદ્ધિ તે શા માટે કરે? ન જ કરે.

જુઓ! આ કપડાં પહેરવા, ટોપી કાઢવી-મૂકવી, ખાવું-પીવું, કમાવું એ કોઈ જીવના અધિકારની વાત નથી. પુસ્તકો છપાવું તો જગતમાં ધર્મ ફેલાય એ જીવની બુદ્ધિનો વિષય નથી. મૂઢ અજ્ઞાનથી એવી બુદ્ધિ કરે છે. જો જીવ પરમાં ફેરફાર કરે તો જીવ પોતાની અને પરની એમ બે ક્રિયાનો કર્તા થઈ જાય. એમ તો કદી બને નહિ.

જે સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં પરાયણ છે એવા યોગી પરથી તદ્દન ઉદાસ છે કે થવાનું હોય તે થાઓ હું તેને કરતો નથી, જવાનું હોય તે જાવ, હું તેને રોકી શકતો નથી.

કોઈને પ્રશ્ન થાય કે ગૃહસ્થાશ્રમમાં આવું કેમ થઈ શકે? તો અહીં તો કહે છે કે ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દૃષ્ટિ આવું માને છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. પોતાના આત્મા સિવાય પર આત્મા કે એકપણ રજકણની પર્યાય આ આત્માના શ્રદ્ધા, જ્ઞાન, વીર્ય કે રાગથી થઈ શકતી નથી. સ્વભાવપર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી અને વિભાવ-પર્યાયથી પણ પરનું કાર્ય થતું નથી. એવા શ્રદ્ધા-જ્ઞાન ધર્મીને બરાબર વર્તે છે તેથી તેને બધાં પરપદાર્થથી ઉપેક્ષાબુદ્ધિ હોય છે.

એક આંખની પાંપણ ફેરવવી તે પણ જીવની બુદ્ધિનું કે શ્રદ્ધાનું કે જ્ઞાનનું કે પુરુષાર્થનું કાર્ય નથી, તે કાર્ય સ્વતંત્ર તે જડથી થાય છે.

કોઈ પંડિત એવી દલીલ કરે છે કે શાસ્ત્રમાં એવા હજારો દાખલા આવે છે કે એક જીવે બીજા જીવની દયા પાળી. તો તેને કહીએ છીએ કે ભાઈ! એવા દાખલા તો ઘણાં મળે પણ તેની અપેક્ષા સમજવી જોઈએ ને! આ જીવના રાગના કાળે સામે જીવ બચી ગયો હોય તો એમ કહેવાય કે આણે આને બચાવ્યો પણ ખરેખર બીજા જીવની પર્યાયમાં બીજો જીવ શું ફેરફાર કરે શકે! બીજાની દયા પાળવાના ભાવમાં તે

પોતાની હિંસા થાય છે. હું પરનું કાર્ય કરી શકું છું એવી મિથ્યાબુદ્ધિથી જીવની પોતાની હિંસા થાય છે. પોતાની દયા તેમાં રહેતી નથી.

ત્યાગીઓ પણ મિથ્યાભ્રમમાં પડયાં છે કે અમે આટલી વસ્તુઓ ત્યાગી છે. અરે! વસ્તુ કયાં તમારી હતી તે તમે ત્યાગી છે! ખરેખર તો તમે તમારા જ્ઞાતા-દ્રષ્ટા ધર્મને ત્યાગી દીધો છે અને મિથ્યાબુદ્ધિને ધારી રાખી છે.

પૂજ્યપાદસ્વામી કહે છે કે આ ઇષ્ટ ઉપદેશ છે. જીવ પરદ્રવ્યની રક્ષા કરી શકે છે કે મારી શકે છે એ ભગવાનનો ઉપદેશ નથી. એ તો જીવને અહિતકારી મિથ્યા ઉપદેશ આત્માના શ્રદ્ધાગુણનો ખૂન કરનારો ઉપદેશ છે.

પ્રશ્ન:—તો પછી અમારે શરીરનું કાંઈ કરવું કે નહિ?

પૂજ્ય ગુરુદેવ:—પરનું કાંઈ કરવું એ જીવનો વિષય જ નથી, પછી કરવા ન કરવાની વાત જ કયાં રહી? મંદજ્ઞાન હો કે કેવળજ્ઞાન હો, મિથ્યાશ્રદ્ધા હો કે ક્ષાયિકસમ્યક્ત્વ હો એ કોઈનો આ વિષય જ નથી પછી કરવાની વાત કયાં રહી! કરી શકતો જ નથી.

જે પદાર્થ છે તે જ તેના વિશેષ કાર્ય-વ્યવસ્થિત કાર્યનો કર્તા છે. બીજો કોઈ તેના વિશેષ કાર્યને-વ્યવસ્થિત કાર્યને કરી શકતો નથી. કોણ કોનો ઉપકાર કરે? કોણ કોનો અપકાર કરે? કોણ કોની નિંદા કરે અને કોણ કોની પ્રસંશા કરે? કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. છતાં એવાં કથનો આવે છે તે બધાં નિમિત્તના કથનો છે.

ભગવાન ત્રણલોકના નાથ કહે છે કે જગતમાં અનંત જીવ અને અનંત પુદ્‌ગલ છે. તો જો એક જીવ કે પુદ્‌ગલ બીજા જીવ-પુદ્‌ગલનું ગ્રહણ-ત્યાગ કરે તો તેનું અસ્તિત્વ જ કયાંથી રહી શકે? દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેમાં બીજાનો હસ્તક્ષેપ બિલકુલ નથી.

તેરાપંથી કહે છે કે છકાયજીવને ન મારવાનો ભગવાને ઉપદેશ આપ્યો છે અને સ્થાનકવાસી કહે છે કે છકાયજીવની રક્ષા કરવાનો ઉપદેશ ભગવાને આપ્યો છે ત્યારે અહીં કહે છે કે ભગવાને તો એવો ઉપદેશ આપ્યો છે કે જગતમાં અનંત દ્રવ્યો છે તેનું જ્ઞાન કરવું તે તારો વિષય છે. છકાયજીવની રક્ષા કરવી કે મારવા એ તારો વિષય જ નથી. તારો વિષય તો અનંત જ્ઞાન છે, તું તારા સ્વભાવમાં લીન થઈને સ્વભાવ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર! એમ ભગવાને કહ્યું છે. બીજાને દુઃખ ન દેવું, મારવા નહિ, રક્ષા કરવી એવો વ્યવહારનો ઉપદેશ છે પણ તેનો અર્થ એવો છે કે પરને દુઃખ દેવાના ભાવ ન કરવા. બાકી જીવ પરને દુઃખ દઈ શકે છે એ વાત નથી.

આહાહા....! અર્ધલોકના સ્વામી અને ત્રણજ્ઞાનના ધારી એવા શક્રેન્દ્ર, ઈશાનઇન્દ્ર આદિ સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકીનાથ તીર્થંકરની છૂટેલી દિવ્ય-

ધ્વનિમાં આ વાત આવી કે તું તારા સ્વભાવમાં પરાયણ થા! પરતું કાર્ય કરવું તે તારો વિષય નથી માટે તેની ઉપેક્ષા કરીને તું તારા સ્વભાવની અપેક્ષા કર! ભગવાનની આ વાણી જ સંતો અને મુનિઓ શાસ્ત્ર દ્વારા કહી રહ્યાં છે. એક એક ગાથામાં માલ ભર્યો છે.

આ આત્માની અપેક્ષાએ બધાં પરદ્રવ્ય અવસ્તુ છે, અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે અને અભાવ છે, આ અપેક્ષાએ અહીં આખા જગતને ઇન્દ્રજાળ સમાન કહ્યું છે.

જ્ઞાની–યોગી પરપદાર્થથી ઉપેક્ષા અને સ્વભાવની અપેક્ષા કરે છે છતાં અસ્થિરતાવશ કોઈ પરદ્રવ્ય પ્રત્યે રાગ આવી જાય છે તો તે રાગથી હટીને પશ્ચાત્તાપ કરે છે કે અરે! મને લાભરૂપ તો એક મારો આત્મસ્વભાવ છે તેને છોડીને હું આ વિકલ્પમાં ક્યાં આવ્યો? મારા સિવાય આખું જગત ઇન્દ્રજાળ છે તેમાં હું કોને રાખું, કોને છોડું, કોને કરું ને કોનો નાશ કરું? આ બધાં વિકલ્પ મને દુઃખરૂપ છે એમ કરીને જ્ઞાની પશ્ચાત્તાપ કરે છે.

ભગવાને આ જીવની પ્રભુતા એવી જોઈ છે કે તેની પ્રભુતાથી પરમા કાંઈ ફેરફાર થતો નથી અને પરદ્રવ્ય તેની પ્રભુતા છોડતા નથી. પરમાણુ પણ ઈશ્વર છે–જડેશ્વર છે તેથી તે પોતાની શક્તિથી કામ કરે છે તેમાં તેને અન્યદ્રવ્યની અપેક્ષા નથી.

એક જડેશ્વર છે, એક વિભાવ-ઈશ્વર છે અને એક સ્વભાવ-ઈશ્વર છે. પરમાણુ સ્વતંત્રપણે પોતાનું કાર્ય કરે છે માટે તે જડેશ્વર છે, મિથ્યાદૃષ્ટિ સ્વતંત્રપણે વિભાવનો સ્વામી થાય છે તેને કર્મ વિકાર કરાવતાં નથી પોતે સ્વતંત્રપણે અજ્ઞાનથી વિકાર કરે, માટે મિથ્યાદૃષ્ટિ વિભાવેશ્વર છે અને હું વિભાવ અને પરથી ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવી છું એવું જાણતા જ્ઞાની સહજાત્મસ્વરૂપના સ્વામી સ્વભાવ-ઈશ્વર છે.

પરદ્રવ્યનો અને પુણ્ય-પાપનો સ્વામી થાય છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ વિભાવ–ઈશ્વર છે. તે વિભાવ પણ પોતે છોડે તો છૂટે. સાક્ષાત્ તીર્થંકર પણ તેને વિભાવથી છોડાવી ન શકે.

આ ૩૯ મી ગાથામાં ધર્મીના લક્ષણ બતાવ્યાં કે ધર્મીને આખું જગત ઇન્દ્રજાળ સમાન લાગે છે, એક નિજાત્મ અનુભવમાં જ રુચિ છે તેથી તેના માટે પ્રયત્ન કરે છે, પરથી ઉદાસ છે છતાં કદાચ પરમાં વિકલ્પ જાય છે તો પશ્ચાતાપ કરે છે. ધર્મીના આ લક્ષણ ઉપરાંત બીજા લક્ષણો હવે ૪૦ ગાથામાં મુનિરાજ કહે છે.

ચાહે ગુપ્ત નિવાસને, નિર્જન વનમાં જાય,
કાર્યવશ જો કંઈ કહે, તુર્ત જ ભૂલી જાય. ૪૦.

આ નાના બાળકોને પણ સમજવા જેવી વાત છે. બાળક પણ ભગવાન છે. બાળકપણું એ તો જડ શરીર માટી છે. બાળક, વૃદ્ધ, સ્ત્રી, નપુંસક આદિ બધા આત્મા સચ્ચિદાનંદ

પરમાત્મા છે. કોઈના આત્મામાં કાંઈ ફેર નથી. આત્માની ઓળખાણ અને શ્રદ્ધા કરી એકાંતમાં તેમાં એકાગ્ર થવાનો અભ્યાસ કરવો એ એક જ આ મનુષ્યભવમાં કરવા યોગ્ય કાર્ય છે.

નિર્જનતાને ચાહવાવાળા યોગી એકાંતવાસની ઇચ્છા કરે છે. નિર્જનતા એટલે જ્યાં મનુષ્ય કે પશુનો અવાજ પણ ન હોય એવા એકાંતસ્થાનમાં ધર્મી અંતર જ્ઞાનાનંદ સ્વરૂપમાં એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે અને તેમાં કોઈ કાર્યવશ કાંઈ વિકલ્પ આવે અને બોલે તો પણ તેને તરત જ ભૂલી જાય છે.

સ્ત્રી, પુત્ર, ધન આદિના લોભી સ્વાર્થવશ મંત્ર-તંત્રાદિ પ્રયોગ કરાવવા દોડયાં ન આવે એ માટે યોગી એવું એકાંતવાસ પસંદ કરે છે કે જ્યાં કોઈ માણસ આવે નહિ અને પોતાનું હિતનું કાર્ય શાંતિપૂર્વક થાય.

—o— [ ક્રમશઃ ]

# * અનુભૂતિ કરો *

સ્વાનુભૂતિ તે જ મોક્ષમાર્ગ છે. જ્ઞાયકની અનુભૂતિની બીજ ઊગે તો અવશ્ય પૂનમ થાય જ. ગુરુદેવના પ્રતાપે ચારે બાજુ 'અનુભૂતિ કરો, અનુભૂતિ કરો' એમ થઈ ગયું છે. પહેલાં તો બધા ક્રિયાકાંડમાં પડ્યા હતા; અત્યારે આવા વિષમ કાળે આવા ગુરુ મળ્યા ને તેમણે બાહ્ય ક્રિયા નહિ, પણ અંતર અનુભૂતિની ક્રિયાનું રહસ્ય બતાવ્યું. જીવ અનંત કાળમાં બધું કરી ચૂક્યો છે—ત્યાગ કર્યો, અથાગ વૈરાગ્ય લીધો, પણ મુક્તિનો માર્ગ ન મળ્યો. તે અંતરનો માર્ગ મેળવવા અંતરમાં જ્ઞાયકની સમીપતા કર. જ્ઞાતાધારાની ઉગ્રતા કર, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. એક વાર વિભાવને પીઠ દીધી તે દીધી. વિભાવને શ્રદ્ધામાં પૂરેપૂરી તિલાંજલિ દઈ દ્રવ્યનું પૂરેપૂરું જોર લાવ. થોડી પણ કચાશ હશે તો અંદર નિર્વિકલ્પતા પ્રગટ નહિ થાય. વિભાવ અંદર જરાય પાલવે એવો નથી. વિભાવ સાથે અંશે પણ એકત્વ તને અંદર જતાં રોકશે. તારાં નયનની આળસે તું રોકાયો છે. હરિ અર્થાત્ પરમાત્મા પોતાની પાસે જ છે. પોતે જ છે. જ્ઞાન ને આનંદથી ભરેલો ચૈતન્યદેવ અખૂટ ભંડાર છે, રત્નોથી ભરેલો પર્વત છે. અનુપમ છે; તારે જે જોઈતું હશે તે બધું એમાંથી જ મળશે. જ્ઞાન પણ એમાંથી ને આનંદ પણ એમાંથી જ પ્રગટશે. તે જ્ઞાનાદિ બહાર આવશે તો તને પોતાને આશ્ચર્ય થશે—અહો, આવું જ્ઞાન! આવો આનંદ!

—પૂજ્ય બહેનશ્રી

# ✻ વૈરાગ્યજનની : બાર ભાવના ✻

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ભગવાન સર્વજ્ઞદેવે લોકનું સ્વરૂપ કેવું જોયું છે? તેનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે આ લોક કોઈએ કરેલો નથી પણ સ્વયસિદ્ધ છે, તેમ લોકના બધાં દ્રવ્યો સ્વયંસિદ્ધ અના અનંત છે. તેમાં કોઈ કોઈનો કર્તા કે સહાયક નથી. દરેક વસ્તુ પોતે પોતાના અનંત ધર્મસ્વરૂપ છે. એવી અનેકાંત વસ્તુ જ અર્થક્રિયાકારી છે.

સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય એવી એકાંત વસ્તુમાં કાર્યકારીપણું નથી એ હવે કહે છે.

एकांत पुनः द्रव्य कार्य न करोति लेशमात्र अपि ।
तत् पुनः न करोति कार्य तत् उच्यते कीदृशं द्रव्यं ॥२२६॥

**અર્થ:—વળી એકાંતસ્વરૂપ દ્રવ્ય છે તે લેશમાત્ર પણ કાર્ય કરતું નથી તથા કાર્ય જ ન કરે તે દ્રવ્ય જ કેવું? તે તો શૂન્યરૂપ જેવું છે. ૨૨૬.**

પોતાપણે છે તે પરપણે નથી—એવું અસ્તિ–નાસ્તિપણું જો વસ્તુમાં ન હોય તો વસ્તુ જ ટકી શકે નહિ. આત્મા આત્માપણે છે ને શરીરપણે નથી આવો તેનો અનેકાં સ્વભાવ છે. આત્મા નિત્ય જ છે એમ એકાંત કહો તો તેમાં પલટન વગર કાર્યની ઉત્પત્તિ થાય નહિ તેમ જ એકાંત અનિત્ય જ હોય તોપણ કાર્ય બની શકે નહિ. પરિણા વગર વસ્તુ ન હોય ને વસ્તુ વિના પરિણામ શેમાં થાય? માટે વસ્તુ દ્રવ્યપણે નિત્ય ને પર્યાયપણે અનિત્ય છે એવા બન્ને ધર્મો તેનામાં એકસાથે રહેલા છે. પદાર્થોનો આવે સ્વભાવ જાણે તો સમ્યગ્દર્શન થાય, તે ધર્મ છે. આત્મામાં ધર્મ કયારે થાય? કે આત્મા કાયમ ટકીને તેની હાલત બદલાતી હોય; જગતની કોઈ પણ ચીજ લ્યો તેમ ક્ષણે ક્ષણે નવું નવું કાર્ય થાય છે, વસ્તુપણે 'એક' હોવા છતાં પર્યાયમાં 'અનેકતા છે. અનેકતા વગર નવું નવું કાર્ય થાય નહિ. આવું અનેકાંત વસ્તુસ્વરૂપ છે. લોટના પરમાણુએ જો બદલતા ન હોય તો લોટ પલટીને રોટલી થાય નહિ. અને જો પરમાણુઓ કાયમ રહેતા હોય તો પરમાણુ વગર રોટલી કયાંથી થાય? માટે નિત્ય–અનિત્યપણું વસ્તુનો સ્વભાવ છે. એ જ પ્રમાણે નિત્ય–અનિત્ય ધર્મની માફક એકપણું અનેકપ અસ્તિ–નાસ્તિપણું એવો પણ વસ્તુનો સ્વભાવ છે. અનેકાંત સ્વરૂપ વગર વસ્તુ કાર્ય કર શકે નહિ, અને કાર્ય જ ન કરે તો તેને વસ્તુ જ ન કહેવાય, તે વસ્તુ તો શૂન્યરૂ થઈ ગઈ.

ભાઈ, તું સમજ! એમ કહેતાં જ અનેકાંત સિદ્ધ થઈ જાય છે. જો સામો જીવ ...ત્ય ન ટકતો હોય તો 'તું સમજ' એમ કોને કહ્યું? અને જો સામો જીવ અણસમજ-...થી પલટીને સમજણ ન કરી શકતો હોય એટલે કે તેનામાં અનિત્યપણું ન હોય-તો ...ને સમજવાનું કેમ કહેવાય? 'તું સમજ' એમ કહેનાર સામો જીવ જુદો છે, ને ...પણે આ જીવ નથી, આ સમજનાર જીવ પોતાપણે અસ્તિરૂપ છે સામા જીવપણે ...ની નાસ્તિ છે, એવા અસ્તિ-નાસ્તિ ધર્મ પણ તેનામાં છે. વળી તે જીવ એક ને એક ...તો હોવા છતાં પલટવાની અપેક્ષાએ અનેકતા પણ તેનામાં છે. નિત્યપણાની અપેક્ષાએ ...કતા છે ને અનિત્યપણાની અપેક્ષાએ અનેકતા છે. આમ દરેક વસ્તુનો સ્વભાવ છે. દરેક ...સ્તુ પોતપોતાનું કાર્ય કરી રહી છે....આમ સમજતાં જગતના પદાર્થોથી ભિન્નતા જાણીને ...ત્માનો જ આશ્રય કરવાનું રહ્યું. આ વાત સમજનારને પોતામાં અજ્ઞાન રહે નહિ.

ભાવાર્થ:—જે અર્થક્રિયારૂપ હોય તેને જ પરમાર્થરૂપ વસ્તુ કહી છે પણ જે અર્થક્રિયારૂપ નથી તે તો આકાશના ફૂલની માફક શૂન્યરૂપ છે. 'આકાશનું ફૂલ' તે ...સ્તુ જ નથી, કેમકે તેનું કાંઈ સુગંધ વગેરે કાર્ય જોવામાં આવતું નથી. તેમ જગતમાં સર્વથા અનિત્ય કે સર્વથા કૂટસ્થ એવી કોઈ વસ્તુ જ નથી.

આગળ સર્વથા નિત્ય એકાંતમાં અર્થક્રિયાકારીપણાનો અભાવ દર્શાવે છે:—

परिणामेन विहीनं नित्यं द्रव्यं विनश्यते नैव ।
नो उत्पद्यते च सदा एवं कार्यं कथं करोति ।।२२७।।

અર્થ:—પરિણામથી હીણ જે નિત્ય દ્રવ્ય છે તે વિણસે નહિ તો કાર્ય શી રીતે ...? તથા જો તે ઊપજે-વિણસે તો (સર્વથા) નિત્યપણું ઠરતું નથી. એ પ્રમાણે જે ...ાર્ય ન કરે તે વસ્તુ જ નથી. ૨૨૭.

સર્વથા નિત્ય વસ્તુ હોય ને તેના પરિણામ ન થતાં હોય તો કાર્ય શી રીતે થાય? વસ્તુની પૂર્વ પર્યાય જો નાશ ન પામે તો નવી પર્યાય કઈ રીતે થાય? લોટ-પર્યાય નાશ ન પામે તો રોટલી કેમ થાય? આત્માની પર્યાય જો ક્ષણે-ક્ષણે નાશ ન પામતી હોય તો અજ્ઞાનમાંથી જ્ઞાન ન થાય, દુઃખ ટળીને સુખ ન થાય, દુઃખનો નાશ ને સુખની ઉત્પતિ ...એમ ઉત્પત્તિ-વિનાશ થાય છે. માટે વસ્તુ સર્વથા નિત્ય જ નથી પણ ક્ષણે ક્ષણે પલટે છે. ક્ષણે ક્ષણે વસ્તુમાં ઉત્પાદ-વિનાશ થાય છે. એવો તેનો અનિત્ય સ્વભાવ છે. જગતમાં પ્રત્યક્ષ દેખાય છે કે વસ્તુમાં ક્ષણે ક્ષણે નવા નવા કાર્યની ઉત્પત્તિ થાય છે, ને જૂની પર્યાયનો વિનાશ થાય છે.

હવે ક્ષણસ્થાયી (સર્વથા અનિત્ય બૌદ્ધ)ને કાર્યનો અભાવ દર્શાવે છે:—

पर्यायमात्रं तत्त्वं विनश्वरं क्षणे क्षणे अपि अन्योऽन्यं ।
अन्वयि द्रव्यविहीनं न च कार्य्यं किमपि साध्यति ॥२२८॥

અર્થ:—જો ક્ષણસ્થાયી-પર્યાયમાત્ર તત્ત્વ ક્ષણ-ક્ષણમાં અન્ય અન્ય થાય એ વિનશ્વર માનીએ તો તે અન્વયી દ્રવ્યથી રહિત થતું થકું કાંઈ પણ સાધતું નથી. ક્ષ સ્થાયી-વિનશ્વરને વળી કાર્ય શાનું? (ન જ હોય) ૨૨૮.

જો વસ્તુ નિત્ય ન રહેતી હોય તો પહેલાં-પછીના પરિણામની સંધિ કોણે કરી એક તરંગ ગયું ને બીજું તરંગ આવ્યું-પણ કોનું? કે પાણીનું; પાણી તો બધાં તરંગ સળંગ રહેનારું છે. નિત્ય વસ્તુ વગર કાંઈ નક્કી થાય નહિ. કાલ જેને રૂપિયા આ હતા, તે જ માણસ આ છે-આમ નિત્યતા વગર નક્કી થઈ શકે નહિ. માણસની અવસ્ પલટી ગઈ, પણ માણસ તો તે જ છે, માણસ નવો નથી થયો. તેમ આત્મા વસ્તુ નિ ટકીને ક્ષણે ક્ષણે પલટે છે. દુઃખ ભોગવનાર આત્મા બીજો, ને દુઃખ ટળીને સુખ થ તેને ભોગવનાર આત્મા બીજો-એમ નથી. દુઃખમાં અને સુખમાં એક જ આત્મા તે આત્મા નિત્ય ટકીને અવસ્થા પલટે છે.

આગળ અનેકાંત વસ્તુમાં જ કાર્ય-કારણભાવ બને છે એમ દર્શાવે છે.

नवनवकार्य्य विशेषाः त्रिषु अपि कालेषु भवंति वस्तुनां ।
एकैकस्मिन च समये पूर्वोत्तरभावं आसाद्य ॥२२९॥

અર્થ:—ત્રણે કાળમાં એક એક સમયમાં પૂર્વ ઉત્તર પરિણામનો આશ્રય જીવાદિક વસ્તુઓમાં નવા નવા કાર્ય વિશેષ થાય છે અર્થાત્ નવા નવા પર્યાય ઉપજે

૨૨૩ મી ગાથામાં કારણ-કાર્યના વર્ણનમાં આ વાત આવી ગઈ છે. જીવાદિ છ દ્રવ્યો જગતમાં ત્રિકાળ છે. તેનામાં ત્રણે કાળે પોતપોતાના પૂર્વ ઉત્તર પરિણામને પામ નવા નવા કાર્ય થાય છે. નિમિત્તનો કે સંયોગનો આશ્રય કરીને કાર્ય થાય છે એમ ન પણ વસ્તુના પોતાના પૂર્વપરિણામ પલટીને નવા પરિણામ ઉપજે છે. એ રીતે ક્ષ ક્ષણે નવું કાર્ય વસ્તુમાં થયા જ કરે છે. બીજું નિમિત્ત ભલે હો પણ વસ્તુનું કા પોતાના જ પરિણામથી થાય છે. વસ્તુ પોતે જો નિત્ય ટકીને પરિણમતિ ન હોય તેનામાં નવું કાર્ય થાય નહીં. અજ્ઞાની કહે છે કે આપણા વગર બીજાનું કાર્ય થાય ન પણ ભાઈ! સામી ચીજ પણ વસ્તુ છે, ને તેનું કાર્ય તેના પોતાથી જ થયા કરે છે. જ પ્રમાણે કોઈ કહે કે પર વિના મારું કામ ન ચાલે તો તે પણ મૂઢ છે, તારું કાર્ય ત પૂર્વ ઉત્તર પરિણામથી થાય છે, દરેક વસ્તુમાં નવું નવું કાર્ય તેના પોતાના પરિણામ થાય છે. શરીર હાલે તો તેના પોતાના કારણે હાલે છે. મડદું ન ચાલે, તો તે પણ તે કાર્ય છે. જીવને લીધે શરીર ચાલે છે એમ નથી. તેમ જ જીવ નીકળી ગયો માટે મ

થી ચાલતું એમ પણ નથી. પણ નવાં નવાં કાર્યો થવાનો તે તે વસ્તુનો સ્વભાવ જ છે. તેથી નક્કી થાય છે કે શબ્દ વગેરેને લઈને સમજણ થતી નથી, પરથી સુખ-દુઃખાદિ થતાં નથી પણ પૂર્વ અને ઉત્તર પરિણામનો આશ્રય કરીને નવાં નવાં કાર્ય વિશેષ અવસ્થા થાય છે. પોતપોતાની યોગ્યતાથી તે તે દ્રવ્યમાં તેના કારણે નવા નવા પર્યાય ધારે છે. ત્રણે કાળે એ એક પ્રકારે નિયમ છે. કોઈ કાળે પરથી થાય એવું નથી—એવો જ લોકનો-સર્વ વસ્તુનો સ્વતંત્ર સ્વભાવ છે.

જીવ છે તો ભાષા બોલાય છે, શરીરની ક્રિયા જીવની ઇચ્છા પ્રમાણે થાય છે એમ સંયોગમાં એકતાબુદ્ધિવાનને (અજ્ઞાનીને) ભ્રમ હોય છે. ભાષાના કારણે ક્રોધ થતો નથી, તેમ જ જ્ઞાન પણ તેને કારણે થતું નથી, દરેકનું સ્વસત્તામાં સ્વકાળે પોતાથી પરિણમન થાય છે. ભાષાવર્ગણા પલટીને ભાષા થાય છે, જીવની ઇચ્છાથી નથી થઈ. સંયોગથી જોનાર સ્વભાવને ચૂકે છે. તે પર ચીજને પણ સંયોગથી પરાધીનરૂપે જ દેખે છે. નવું નવું કાર્ય થાય છે તે દરેક દ્રવ્યનો પર્યાયધર્મ છે, સંયોગને લઈને કહેવું તે ઉપચારનું કથન છે. પણ સંયોગથી કોઈ કાળે પરનું કાર્ય થતું નથી. આગળ પૂર્વ-ઉત્તરભાવમાં કારણકાર્યભાવ દૃઢ કરે છેઃ—

पूर्वपरिणामयुक्तं कारण भावेन वर्तते द्रव्यं ।
उत्तरपरिणामयुतं तत् एव कार्य्यं भवेत् नियमात् ॥२३०॥

અર્થઃ—પૂર્વ-પરિણામયુક્ત દ્રવ્ય છે તે તો કારણભાવથી વર્તે છે તથા તે જ દ્રવ્ય ઉત્તરપરિણામથી યુક્ત થાય ત્યારે કાર્ય થાય છે એમ તમે નિશ્ચયથી જાણો. ૨૩૦.

૨૨૨ મી ગાથા અને ૨૩૦ મી ગાથા બન્ને અક્ષરે અક્ષર મળતી છે. ચૌદ બ્રહ્માંડનાં તત્ત્વોનું આમાં વર્ણન છે. તીવ્રરાગ પલટીને મંદરાગ થયો, તેમાં કારણ કોણ? કે પૂર્વ પર્યાય પલટીને ઉત્તર પર્યાયરૂપે વસ્તુ પોતે વર્તે છે, પહેલી પર્યાયમાં વર્તતું દ્રવ્ય કારણરૂપે વર્તે છે ને પછીની પર્યાયમાં તે કાર્યરૂપે વર્તે છે, પણ જુદું કોઈ તેનું કારણ નથી.

જેમ માટીનો પિંડ તે કારણ ને તેનો ઘડો થયો તે કાર્ય છે, પણ કુંભાર કારણ અને ઘડો તેનું કાર્ય એમ નથી. પૂર્વપર્યાયમાં વર્તતું દ્રવ્ય જ કારણરૂપ થઈને પછીની પર્યાયમાં કાર્યરૂપે વર્તે છે, પણ બીજાની તેમાં ઘાલમેલ નથી. જુઓ આ જગતની વસ્તુનો નિયમ! કુંભાર ઘડાનો કર્તા નથી, પણ માટી પોતે જ પલટીને ઘડાપર્યાયરૂપે વર્તે છે. કુંભાર આવે તો ઘડો થાય ને ન આવે તો ન થાય-એમ સંયોગદૃષ્ટિવાળો અજ્ઞાની માને છે, પણ તે વસ્તુના સ્વભાવને જોતો નથી. પૂર્વપરિણામમાં પિંડરૂપે માટી વર્તતી હતી તે જ પલટીને ઘડારૂપે થઈ છે ત્યાં પૂર્વપરિણામમાં વર્તતું દ્રવ્ય તે કારણ છે, ને પછીના

પરિણામ થયા તે કાર્ય છે. ઉપાદાન તો કારણ છે ને કાર્ય થયું તે નૈમિત્તિક અ ઉપાદેય છે. નવું કાર્ય થયું તેનું કારણ કોણ? કે પૂર્વપર્યાયમાં વર્તતી વસ્તુ જ ઉપાદાનકારણ છે. નવાં નવાં કાર્ય દ્રવ્યના પોતાના કારણથી થાય છે. નિમિત્ત ભલે પણ નિમિત્તથી કાર્ય થતું નથી, કાર્યને "નૈમિત્તિક" કહ્યું માટે નિમિત્તે કાંઈ કર્યું એમ નથી, નિમિત્તની અપેક્ષાથી કહેતાં નૈમિત્તિક કહેવાય ને ઉપાદાનની અપેક્ષાએ કાર્યને ઉપાદેય કહેવાય છે. પણ કાર્ય તો વસ્તુના પોતાના જ કારણથી થાય છે, અ વસ્તુસ્વરૂપ છે. [ ક્રમશ

—❀—

* નીચેના પુસ્તકો વેચાણ-વિભાગમાં આવી ગયા છે:—

(૧) વૈરાગ્ય ભાવના રૂા. ૮-
[ સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ]

(૨) હું પરમાત્મા રૂા. ૮-
[ શ્રી યોગસાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ]

(૩) પ્રવચન રત્નાકર ભાગ-૧૧ રૂા. ૧૪-
[ શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ]

(૪) ધર્મની ક્રિયા રૂા. ૫-

(૫) શ્રી જિનેન્દ્ર પૂજા સંગ્રહ રૂા. ૧૦-

* નીચેના પ્રકાશનો પ્રેસમાં છે:—

(૧) શ્રી જૈન સિદ્ધાંત પ્રવેશિકા ( ગુટકો ) ( ગુજરાતી )

(૨) શ્રી ઇષ્ટોપદેશ ( મૂળશાસ્ત્ર ) ( ગુજરાતી )

(૩) શ્રી ઇષ્ટોપદેશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો ( ગુજરાતી )

(૪) જિનેન્દ્ર પૂજાપલ્લવ ( ગુજરાતી )

(५) श्री समयसारजी ( हिन्दी )

(६) श्री मोक्षमार्ग प्रकाशक ( हिन्दी )

(७) जैन सिद्धांत प्रवेशिका ( गुटको ) ( हिन्दी )

—o—

[ ઉત્કૃષ્ટ આશ્ચર્યકારી....પાનુ ૨ થી ચાલુ ]

એને પકડ ને! કમળાનો રોગ આવે, ક્ષયરોગ થઈ જાય, સર્પ કરડે, વીંછી કરડે, હૃદયની ગતિ અટકી જાય વગેરે ઉપસર્ગ આવતાં કે શરીર છૂટવાના પ્રસંગમાં તું ડરે છે કેમ?

**'જે કોઈ બાધા પહોંચાડે છે તે તો પુદ્‌ગલને પહોંચાડે છે, જે છૂટી જાય છે તે તારું હતું જ નહિ.'**

રોગ છે તે તો શરીરમાં છે, છરાના ઘા પડે છે તે પણ શરીરમાં છે. ભગવાન આત્માને શું કોઈ બાધા પહોંચાડી શકે છે? જે છૂટી જાય છે તે તો તારું હતું જ નહિ અને તારું હોય તે છૂટે નહિ. બીજા બહારના સંયોગોની વાતો શી કરવી? આ તો શરીર વિષેની વાત છે. અહીં તો કહે છે—શરીર ઉપર ઉપસર્ગ આવે તો તે કાંઈ આત્મામાં નથી આવ્યો. છૂટે તે તારું છે જ નહિ.

**'તારું તો મંગળકારી, આશ્ચર્યકારી તત્ત્વ છે.'**

તારું તત્ત્વ, તારું સ્વરૂપ મંગલસ્વરૂપ છે, તું આશ્ચર્યકારી અદ્‌ભુત તત્ત્વ છો.

**'તો પછી તને ડર શાનો? સમાધિમાં સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર, ભય છોડી દે.'**

દેહ છૂટવાનો પ્રસંગ આવશે; ખ્યાલમાં પણ આવે કે હવે આ દેહ છૂટી જવાનો છે. એ છૂટશે,—છૂટું હતું તો છૂટશે. તેનો ભય શો? અંદર આનંદસ્વરૂપમાં—સમાધિમાં—જા ને! અંદર અવિનાશી ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ આત્મામાં ધ્યાન લગાવીને—સમાધિમાં સ્થિર થઈને—ભય છોડી દે. સમાધિ એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિ રહિત વીતરાગી શાંતિ. અહા! એનની ભાષા જુદી અને બહુ સાદી! બાપુ! આ કોઈ જુદી ચીજ છે. ભગવાન આત્મા સમાધિસ્વરૂપ જ છે. તેનામાં આધિ-વ્યાધિ-ઉપાધિ છે જ નહિ. એના ઉપર અંદર દૃષ્ટિ કરી, એનું સ્થિર ધ્યાન ધર, પર્યાયને દ્રવ્યમાં વાળી લે. લક્ષ પરમાં ને રાગમાં છે તેને સ્વભાવમાં વાળી દે. સમાધિમાં—અંદર અતીન્દ્રિય શાંતિમાં—સ્થિર થઈને એક આત્માનું ધ્યાન કર. 'ભગવાન-ભગવાન' કરવું, 'णमो अरिहंताणं. णमो सिद्धाणं...' કર્યા કરવું એ કંઈ આત્માનું ધ્યાન નથી, એ શુભ તો વિકલ્પ છે. શુભ વિકલ્પ પણ દુઃખરૂપ છે. ભગવાનની ભક્તિ, દેવસ્તુતિ વગેરે શું છે? પ્રભુ! એ તો વિકલ્પ છે અને વિકલ્પ તો દુખરૂપ છે. અહા! તારો નાથ અંદરમાં બિરાજે છે તેને યાદ કરી અંતરમાં જા ને! તારી વસ્તુનો અનુભવ કર ને? અંદર એકાગ્ર થા ને! બહારના ભગવાનને ક્યાં યાદ કરવા જાય છે તું? આનંદ આદિ ગુણોથી પરિપૂર્ણ એવા વસ્તુસ્વભાવની દૃષ્ટિ થઈને વેદન થયું છે, તો હવે તું ત્યાં જા.

અહીં, ઉપસર્ગના કાળે ને દેહના છૂટવા કાળે—એમ બે વાત લીધી છે. જિંદગી
—જીવન-મૃત્યુમાં—પહેલાં ઉપસર્ગ કાળે અને પછી મૃત્યુ વખતે, બેય આવી
સમાધિમાં સ્થિર થઈ માત્ર એક નિજ આત્માનું ધ્યાન કર. ણમોકાર મંત્રનું ધ્યાન
ગુરુને યાદ કર ને ભગવાનનું સ્મરણ કર વગેરે અહીં લીધું નથી. એક આત્માનું ધ્
કર. પરનું ધ્યાન તો નહિ—પરમાં દેવ-ગુરુ આવી ગયા—પણ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્
—એ ત્રણનુંય નહિ; કારણ કે ત્રણનું ધ્યાન કરવા જાય ત્યાં વિકલ્પ—રાગ—દુઃખ થ
નિયમસારમાં કહ્યું છે :

'જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે!'

—તેથી, દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પોથી પાર એવા એક નિજ આત્માનું, સમાધિ
સ્થિર થઈ, ધ્યાન કર—એમ અહીં કહ્યું છે. વસ્તુમાં દ્રવ્ય છે, એના ગુણો છે, એની પર્યા
છે, પણ એ ત્રણના ભેદમાં રોકાઈશ તો એ પણ રાગ છે, આકુળતા છે.

એક આત્માનું ધ્યાન કહ્યું; ત્યાં આત્મા તે ત્રિકાળી દ્રવ્ય; અને તેનું એકાગ્રતારૂ
ધ્યાન—આત્મા તરફ વળેલી દશા—તે પર્યાય. મરવા ટાણે કહે કે 'મને સંભળાવો
પણ એ તો બધો વિકલ્પ છે, રાગ છે. અહીં તો, બહારના બધા વિકલ્પ છોડી, અંદ
એક આત્મા છે તેનું ધ્યાન કર—એમ કહ્યું છે. આત્માનું ધ્યાન કર—એમ અસ્તિ
કહીને, ભય છોડી દે—એમ નાસ્તિથી વાત કરી.

અરે! શરીર છૂટવાનો કાળ આવે એટલે એમ થાય કે—'હાય-હાય ક્યાં જઈશું?
—ક્યાં જાય? અંદરમાં જા ને! તું તારું ધ્યાન રાખ. અહા! બેનના શબ્દો સાદા, પ
ભાવ ઊંડા છે. વાંચીને પેલો પ્રોફેસર તેના કાગળમાં લખે છે : અહો! આપે મને અ
'વચનામૃત' પુસ્તક—ચૈતન્યના ભાવોનું નિધાન—આપ્યું! હું ઘણો ભાગ્યશાળી. આમ
તો ચૈતન્યરત્નના ખજાના ભર્યા છે. એણે પુસ્તકની કેટલી કિંમત કરી?!

અહીં આ બોલમાં કહે છે : તું ભય છોડી દે અને સમાધિમાં સ્થિર થઈ, મંગળકારી
આશ્ચર્યકારી એવા તારા નિજ આત્માનું શરણ ગ્રહણ કર—તેનું ધ્યાન કર તો તને
શાશ્વત્ પરમ શાંતિ થશે.

## રાગ્ય સમાચાર :

* ઉમરાળાનિવાસી શ્રી હિંમતલાલ મગનલાલ કીકાણી (વર્ષ–૬૧) તા. ૭–૭–૮૭ રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી (હાલ-મહુવા) શ્રી જયાબેન છબીલદાસ વારીયા (વર્ષ–૭૩) ૨૬–૯–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ધર્મોપદેશનો ઘણો જ લાભ લીધો હતો.

* મલાડનિવાસી શ્રી લાલચંદ બાલચંદ શેઠ (વર્ષ–૭૩) તા. ૧૫–૧૦–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી શ્રી પુંજાભાઈ પરબત (વર્ષ–૭૯) તા. ૧૫–૧૦–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વનો ઊંડો અભ્યાસ હતો, નિયમિત શાસ્ત્ર-સ્વાધ્યાય-મનન કરતા હતા. નાઈરોબી પંચકલ્યાણક–પ્રતિષ્ઠા પ્રસંગે ભગવાનના પિતા બનવાનું તેઓને સૌભાગ્ય સાંપડયું હતું તેમજ સોનગઢ નંદીશ્વર–જિનાલય–પંચકલ્યાણક–પ્રતિષ્ઠા પ્રસંગે પણ તેઓએ ઉદારતાપૂર્વક ઘણો લાભ લીધો હતો.

* રાજકોટનિવાસી શ્રી શીવકુંવરબેન ન્યાલચંદ મોદી (વર્ષ–૮૪) તા. ૨૮–૧૦–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી (હાલ–રાજકોટ) શ્રી કસુંબાબેન બાલુભાઈ વોરા (વર્ષ–૭૮) તા. ૨૬–૧૦–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢ રહીને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ધર્મોપદેશનો ઘણો જ લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ–ગુરુ–ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—o—

અહો! એકવાર દેહ–છૂટવાના ટાણાનો વિચાર તો કરે, તો એને ખબર પડે કે અરે! આ તે શું રમતું છે! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં)!!

—પૂજ્ય ગુરુદેવશ્રી

[ સુવર્ણપુરી સમાચાર....ટાઈટલ ૩ થી ચાલુ ]

* કારતક માસની અષ્ટાન્હિકાના અવસરે નંદીશ્વર વિધાનપૂજા કાયમીઃ–(૧) જયસુખલાલ પોપટલાલ સંઘાણી, રાજકોટ, હસ્તે બ્ર. શારદાબેન (૨) શ્રી દેવશી રામજીભાઈ કોઠારી તથા શ્રી ચંચળબેન દેવશીભાઈ કોઠારી સોનગઢ (૩) શ્રી ચંચળ ગોરધનદાસ શાહ, મુંબઈ તથા (પ્રાસંગીક) (૧) શ્રી ધૂડીબાઈ ખેમરાજજી જૈન ખેર હસ્તે બ્ર. તારાબેન તથા બ્ર. મેનાબેન, સોનગઢ (૨) સ્વ. શ્રી ગુણમાલાબેન પૂનમચંદ મલકાપુર હસ્તે બ્ર. વિમળાબેન (૩) શ્રી દયાબેન હિંમતલાલ શેઠ, બેંગલોર તર રાખવામાં આવી હતી.

* આપણા તારણહાર, મુમુક્ષુ સમાજના ધર્મ પિતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ કાનજીસ્વામીનો સાતમો વાર્ષિક સમાધિ દિન—કહાનગુરુ-ઉપકાર-સ્મૃતિભક્તિનો પુ અવસર—પાંચ દિવસીય વિશિષ્ટ 'ધાર્મિક કાર્યક્રમ' આદરણીય પં. શ્રી હિમ્મતલાલ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલી વૈરાગ્ય તેમ જ ભક્તિરસભીની ભાવવાહી જિનેન્દ્રપૂ ભક્તિ, ગુરુભક્તિ તથા વીતરાગતત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક ઉજવવામાં આ બહાર ગામથી ઘણા ગુરુભક્ત મુમુક્ષુઓ આવ્યા હતા. સમાગત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિ સર્વ શ્રી પ્રાણભાઈ કામદાર, ડૉ. પ્રવિણભાઈ દોશી, શશીકાંતભાઈ શેઠ તેમ જ હિંમત ડગલી આ પુણ્યાવસરે ગુરુભક્તિરસભીનાં તાત્ત્વિક શાસ્ત્ર પ્રવચન થયા હતા. પ્રશમ પૂજ્ય બહેનશ્રીની, પરમોપકારી સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્ર અનુપમ અમેય ઉપકારોની મહિમાથી ભરપૂર તત્ત્વચર્ચાઓનો પણ આ અવસરે ઉપસ્થિ મુમુક્ષુ સમુદાયના લાભ મળ્યો હતો.

* માગશર વદ ૮ તા. ૧૩–૧૨–૮૭ ના રોજ પરમાગમ શ્રી સમયસાર અ અધ્યાત્મશ્રુતના પ્રણેતા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્ય–પદારોહણ–દિ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અ લાભ પ્રાપ્ત થયાની ખુશાલીમાં—

રૂા. ૪૦૦૭/– શાહ ઉજમશીભાઈ તલકશીભાઈ વઢવાણવાળા હસ્તે પ્રેમચંદભાઈ

—તરફથી શ્રી નંદીશ્વર જિનાલય તેમ જ જ્ઞાનપ્રચાર આદિ વિવિધ ખાતે જ કરવામાં આવ્યા હતા.

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ—પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ [illegible]રોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાત: શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના ‘શ્રી નિયમસાર’ ઉપર તેમ જ સાંજે ‘શ્રી નાટક સમયસાર’ ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ-પ્રવચન, બપોરે ‘શ્રી સમયસાર’ ઉપર બ્ર૦ શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન તેમ જ જિનેન્દ્રભક્તિ, સવારના ટેપ–પ્રવચન પછી પુરુષો માટે ‘મોક્ષમાર્ગપ્રકાશક’ ઉપર તત્ત્વચર્ચા, રાત્રે (શ્રી ગોગીદેવી બ્ર. આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવરસભીના અધ્યાત્મ–અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

* મહાવીર–નિર્વાણકલ્યાણકનો વાર્ષિક ઉત્સવ અર્થાત્ દીપાવલીનો મંગલ અવસર ‘પંચકલ્યાણક–વિધાનપૂજા’ પૂર્વક આસો વદ ૧૧ થી ૦))—પાંચ દિવસ સુધી અતિ આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો. પૂજાના સમયે ‘પરમાગમમંદિર’ મુમુક્ષુઓથી ભરાઈ જતો હતો. આદરણીય પં. શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહ દ્વારા અતિભાવવાહી શૈલીથી કરાવવામાં આવતી આ પૂજાના પુનિત અવસરે દશ્ય એવું મનમોહક લાગતુ હતું કે અહો, શુદ્ધાત્મ વિદ્યાની સાથે પૂજ્ય ગુરુદેવે બતાવેલી જિનેન્દ્રમહિમા મુમુક્ષુહૃદયમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની કલ્યાણી છાયામાં ખૂબ ઉભરાઈ રહી હો! પૂજાવિધાન સ્વ. બ્ર. ચંદ્રાબેન છોટાલાલ શાહ (ધ્રાંગધ્રા) સોનગઢ તરફથી રાખવામાં આવી હતી.

[ વધુ માટે જુઓ સામે પાને ]

# 卐 અંદરમાં ઊતરી જા 卐

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યા જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઊતરી જાય છે અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. —સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૩૫૦

356 A Kantaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012